
હરિૐ આશ્રમ પ્રેરિત બહુરંગી ચિત્રમય

# ભાગવત કથા

૨૦૫

૨

નં. ૨૦૫



લેખક
રામનારાયણ નાગરદાસ પાઠક

ચિત્રકાર
ચન્દુ ત્રિવેદી

હરિ ૐ આશ્રમપ્રેરિત શ્રી નાનાભાઈ ભટ્ટ સાંસ્કૃતિક કથા ટ્રસ્ટ : પુષ્પ-૧

# બહુરંગી સચિત્ર મહાભારત કથા

ઈશ્વરભાઈ પટેલ
કુલપતિ, ગુજરાત યુનિવર્સિટી
સંયોજક

રામનારાયણ નાગરદાસ પાઠક
કથાલેખન

ચંદ્ર ત્રિવેદી
ચિત્રકાર

મગનભાઈ ઓઝા
મંત્રી, ચરોતર ઍજ્યુકેશન સોસાયટી, આણંદ
પ્રકાશક

યોજનાદાન : હરિ ૐ આશ્રમ, નડિયાદ

આવૃત્તિ પહેલી : પ્રત ૭૫૦૦ (ગુજરાતી), પ્રત ૭૫૦૦ (હિન્દી)

મુદ્રક અને વિક્રેતા
ગોવરસન્સ પબ્લિશર્સ (પ્રા૦) લિમિટેડ
ગુલાબ હાઉસ, માયાપુરી, નવી દિલ્હી-૨૭

○

બાલગોવિંદ પ્રકાશન
ગાંધી માર્ગ, અમદાવાદ-૧

મૂલ્ય : રૂપિયા દસ (ટપાલ રવાનગી સહિત) : બાર ગ્રંથોનું સામટું લવાજમ રૂપિયા સો

# ભૂમિકા

ભારતની ઊછરતી પેઢી મહાભારત, રામાયણ, ઉપનિષદ, ભાગવતાદિ આપણા બહુમૂલા વૈચારિક, સાહિત્યિક, સાંસ્કૃતિક વારસાથી સુપરિચિત થાય અને સંસ્કાર અને સદ્‌વિચારની અખૂટ ખાણ સમા આ ગ્રંથોને વાંચવા પ્રેરાય તેવા ભાવથી બાર ગ્રંથોની આ શ્રેણીનું પ્રકાશન કરવાનું વિચાર્યું છે.

નવી પેઢી રંગબેરંગી ચિત્રવિચિત્ર દુનિયામાં વિચરે છે તેનો ભારતના અક્ષય વારસા સાથે અનુબંધ બાંધી આપવાને સારુ ભાગવતની આ કથાઓ અભિનવ રંગો વડે આલેખાયેલાં ચિત્રો સાથે રજૂ કરવાનું યોજ્યું. આગલી પેઢી માણભટ્ટો દ્વારા કે ભવાઈ જેવાં લોકરૂપકો દ્વારા આ કથાઓથી પરિચિત રહેતી. આજે સામાજિક પરિવેશ બદલાયો છે, સંસ્કારપ્રાપ્તિનાં કે જ્ઞાનપ્રાપ્તિનાં માધ્યમો પણ તદનુષંગે બદલાયાં છે તેથી આ જાતની સચિત્ર રજૂઆતવાળા સોહામણા માધ્યમ દ્વારા નવી પેઢીને આપણા એ વારસાથી સુપરિચિત કરવાનું ધાર્યું છે. તેથી કરીને એના ચિત્તમાં ભારતીય ઢબની સાંસ્કૃતિક-સામાજિક અનુકૂલતા માટે ભૂમિકા તૈયાર થાય.


પોતાની અતિશય નાદુરસ્ત તબિયત છતાં ભારતની નવી પેઢીને સારુ નાણાં ઉઘરાવી અનેક રીતે ઘડતરની અસંખ્ય યોજનાઓ રમતી મૂકનાર, એનું સંવર્ધન વિવર્ધન કરનાર હરિ ૐ આશ્રમવાળા પૂજ્યશ્રી મોટાએ આ યોજનાને પણ પોંખીને આવકારી અને રૂપિયા બે લાખનું દાન મેળવી આપ્યું છે. એ માટે ચરોતર એજ્યુકેશન સોસાયટી, ભારતની નવી પેઢી વતી હું એમના પ્રત્યે ઋણભાવ વ્યક્ત કરું છું. આવી યોજનાઓ સારુ પૂજ્ય શ્રી મોટા મને નિમિત્ત બનાવે છે એ પણ એમના આશીર્વાદ જ છે એમ હું સમજું છું. ભારત અને ભારતની નવી પેઢી પર એમનું ઋણ એવું અપરંપાર છે કે કોઈ આભાર-દર્શન કરવાથી એ ફેડી શકાવાનું નથી. છતાં પૂજ્ય મોટા તો ભાવના સમર્થક છે, અને તેના પોષક છે એટલે મારા આ ભાવને એ યથોચિત રૂપે સ્વીકારશે તેવી મને શ્રદ્ધા છે.

યોજનાના અમલનો વિચાર કરતાં એના ચિત્રકારનો વિચાર આવ્યો, એના લેખકનો વિચાર આવ્યો. ચિત્રકાર શ્રી ચન્દ્ર ત્રિવેદીને, તેમ જ લેખક આચાર્ય નટવરલાલને આવાં કામમાં ધર્મપ્રેરિત રસ અને રુચિ છે. એટલે એમનો સંપર્ક સાધતાં જ એમણે આ કામ ઉમળકાભેર સ્વીકાર્યું એ મારે મન આનન્દનો વિષય છે. બંને મિત્રો ખૂબ જ કામમાં હોવા છતાં આ નવા કામનું દાયિત્વ સ્વીકાર્યું તે માટે તેમને ધન્યવાદ આપું છું. આ કથાઓને ઑફસેટમાં રજૂ કરવાનું અને હિંદી ગુજરાતી પ્રતો તૈયાર કરી હિંદી આવૃત્તિના વેચાણની જવાબદારી રાજીખુશીથી સ્વીકારીને સર્વશ્રી ગોવર્ધન કપૂર ઍન્ડ સન્સ, દિલ્હીના મારા સન્મિત્ર શ્રી ગોવર્ધન કપૂરે આ યજ્ઞકાર્યમાં સહકાર આપ્યો છે તે માટે તેમનો પણ આભાર માનું છું. પ્રથમ પુસ્તક મોડું મોડુંય પ્રસિદ્ધ થાય છે તે બદલ પ્રભુનો પાડ માનવો રહે. મારા મિત્ર શ્રી મોહનભાઈ પટેલે હંમેશના પ્રેમથી આ શ્રેણીનેય પોતાની સહાય અનેક રીતે આપી છે. આશા છે કે હવે પછીના ગ્રંથો એક પછી એક ગુજરાતી-હિંદી ભાષી પ્રજા સમક્ષ ઝપાટાબંધ રજૂ કરી શકાશે, અને ઉભય ભાષાના વાચકો અને ખાસ કરીને તો પ્રાથમિક માધ્યમિક શાળાઓ ગ્રંથાલયો ને સુજ્ઞ માબાપો આ શ્રેણીને વધાવશે.

ચરોતર ઍજ્યુકેશન સોસાયટી, આણંદ
જૂન ૧૯૭૫

ઇશ્વરભાઈ પટેલ
અધ્યક્ષ





# ૨. ભાગવત પારાયણ

ઉત્તરાખંડમાં નૈમિષારણ્ય નામે પવિત્ર સ્થળ છે. પ્રાચીન સમયમાં ત્યાં શૌનક ઋષિનો આશ્રમ હતો. એક વાર શૌનકે મોટો યજ્ઞ કર્યો. એમાં હજારો ઋષિ-મુનિ આવ્યા. આ મહાયજ્ઞના આચાર્યપદે સૂતપુરાણી નામના એક તપસ્વી, જ્ઞાની ભક્ત હતા. શૌનકે સૂતપુરાણીને હાથ જોડીને કહ્યું, "મહારાજ ! આપ ઈતિહાસ-પુરાણના જાણકાર છો. જ્યાં જાઓ છો ત્યાં કથાવાર્તા કહો છો. હમણાં કળિયુગ ચાલે છે, માણસ સ્વાર્થી અને અદેખા બની ગયા છે. વેરભાવ વધ્યો છે, મા-બાપ અને વડીલોને માન નથી મળતું. સાચું બોલવું કોઈને ગમતું નથી. મોતનો કે પ્રભુનો ડર રહ્યો નથી. આવા વખતમાં તમે અમને ભાગવતની કથા સંભળાવો, પ્રાચીન કાળમાં શુકદેવજીએ આ કથા પરીક્ષિત રાજાને સંભળાવી હતી. એનાથી રાજાનાં સંસારનાં સર્વ દુ:ખો દૂર થયાં હતાં."


શૌનકમુનિનાં આવાં વચન સાંભળીને સૂતપુરાણી બહુ પ્રસન્ન થયા. એમણે ભાગવતકથા કહી સંભળાવવાનું સ્વીકાર્યું. નૈમિષારણ્યમાં હજારો ઋષિ-મુનિઓ તથા ગ્રામજનો સમક્ષ સૂતપુરાણીએ ભાગવતની કથા કહી.

એ સમયથી આપણા દેશમાં ગામેગામ ભગવત પરાયણની પરંપરા શરૂ થઈ.

ગ્રીષ્મના લાંબા આરામના દિવસો હોય. ત્યારે ગામલોકો પારાયણ બેસાડે છે. કોઈ સારા, અનુભવ અને વિદ્વાન પુરાણીને કથા વાંચવા બોલાવવામાં આવે છે. વિશાળ મંડપ બંધાય છે, મોટી બાજઠ ઉપર કેળનાં પાનની માંડવી બનાવાય છે, આંબા અને આસોપાલવનાં તોરણ બંધાય છે, ચંદરવાથી મંડપ શણગારાય છે, ગાદી ઉપર પોથીની પધરામણી થાય છે, એની પૂજા કરવામાં આવે છે, આરતી ઊતારાય છે અને પછી પુરાણીજી પારાયણ માંડે છે.

આસપાસનાં ગામનાં સેંકડો સ્ત્રી-પુરુષ કથા સાંભળવા આવે છે. સવાર-સાંજ ચાર-ચાર કલાક કથાવાંચન ચાલે છે, સૌ એકચિત્ત થઈને સાંભળે છે, સાત દિવસ સુધી પારાયણ વાંચવામાં આવે છે. આમ સેંકડો વર્ષથી આપણા દેશમાં ભાગવત પારાયણનો ઉત્સવ મનાવવામાં આવે છે.

ભાગવતકથા સાંભળવામાં નાતજાત, ગરીબતવંગર, ભણેલા કે અભણ, ઊંચ-નીચ સઘળા ભેદભાવ ભૂલાઈ જતા હતા હોય છે. દરેકના મનમાં શાંતિ હોય છે. આ અમૃતરસનું પાન કરતાં લોકો ધરાતા નથી. ભગવાનના નામનો આવો મહિમા છે. ભાગવતકથા સાંભળીને ભારતવાસી પોતાની જાતને ધન્ય માને છે.



# ૩. સત્યવ્રતની કથા

દ્રવિડ દેશમાં સત્યવ્રત નામે એક રાજા હતો. એ ભગવાનનો ભક્ત હતો. ઘણાં દિવસ સુધી જળ પીને રહેતો ને પ્રભુભજન કરતો.

એક વાર કૃતમાલા નામની નદીના કાંઠે સત્યવ્રત તર્પણ કરતો હતો. હાથમાં પાણી લઈને સૂર્યનારાયણને અંજલિ આપતો હતો. એવામાં એના ખોળામાં એક માછલી આવી પડી.

રાજાએ એ માછલીને પાણીમાં પાછી નાંખી દીધી ત્યારે માછલી બોલી, "રાજા! તેં મને પાણીમાં કેમ ફરીથી નાંખી દીધી? આ નદીમાં બીજા મોટા મગરમચ્છો છે તે મને ખાઈ જશે."

માછલીનાં આવાં વચન સાંભળીને રાજાને દયા આવી ગઈ અને માછલીને એણે પોતાના કમંડળમાં મૂકી દીધી ને પોતાના આશ્રમમાં લઈ આવ્યો.

હવે થયું એવું કે એ માછલી કમંડળના પાણીમાં દિવસ રાત વધવા લાગી. ત્યારે રાજાએ એક મોટા વાસણમાં પાણી ભરીને એમાં મૂકી. રાજા પાસે જેટલાં હતાં એટલાં વાસણ નાનાં પડ્યાં ત્યારે માછલીને એણે એક સરોવરમાં રાખી. છેવટે રાજાએ એ માછલીને મહાસાગરમાં નાંખવાનો વિચાર કર્યો. ત્યારે માછલીએ કહ્યું, "રાજન્! તું મહેરબાની કરીને મને સમુદ્રમાં ન નાખીશ. મહાસાગરમાં મોટાં જળચર હોય છે તે મને ખાઈ જશે."

માછલીનાં આવાં વચન સાંભળીને રાજાએ એને પોતાનું સાચું રૂપ બતાવવા વિનંતી કરી. એ દૈવી માછલી બોલી, "આજથી સાતમે દહાડે ત્રણે લોકમાં પ્રલય થશે. બધું જ જળમાં ડૂબી જશે. એ વખતે એક નૌકા અહીં આવશે. તું સપ્તર્ષિઓ સાથે બધી જડીબુટ્ટિઓ અને બીજ લઈને એમાં બેસી જજે. મહાસાગરમાં નાવ ડોલવા લાગે ત્યારે વાસુકી નાગ વડે તારી નૌકાને તું મારાં શિંગડા સાથે બાંધી દેજે."

આમ કહીને માછલીના રૂપમાં રહેલા ભગવાન અંતર્ધાન ગઈ ગયા.

પછી રાજા માછલીના કહ્યા પ્રમાણે પ્રલયની રાહ જોવા લાગ્યો. થોડા સમય પછી જ એના કહ્યા પ્રમાણે ઘટના બની. ત્યારે રાજાને મત્સ્ય ભગવાનના મહિમાનાં દર્શન થયાં.



# ૪. સમુદ્ર મંથન

એક વાર દેવો અને દાનવો વચ્ચે યુદ્ધ થયું. જેમાં બન્ને પક્ષ બેહાલ થઈ ગયા. ત્યારે દેવો અને દાનવો ભગવાન વિષ્ણુ પાસે ગયા. એમની વાત સાંભળીને ભગવાને કહ્યું, "હવે તમારી પાસે કંઈ રહ્યું નથી. એટલે કાયમ લડવાની વાત હવે છોડો. નવેસરથી સંપત્તિ મેળવવાનો વિચાર કરો. મહાસાગર સંપત્તિનો ભંડાર છે. એમાં અખૂટ સમૃદ્ધિ પડી છે. પણ એને બહાર કાઢવા માટે તમારે સમુદ્રમંથન કરવું પડશે."

"તમે કહેશો એમ સમુદ્રમંથન કરવા અમે તૈયાર છીએ."

ત્યારે વિષ્ણુ ભગવાને મંથનની તૈયારી કરી. મેરુ પર્વતનો રવૈયો બનાવ્યો. વાસુકીનાં નેતરાં કર્યાં. મેરુ પર્વત સાગરમાં ડૂબી ન જાય તે માટે ભગવાન પોતે કાચબો બન્યા અને પીઠ ઉપર પર્વતને તોળી રાખ્યો.

એક તરફ દેવો ને બીજી તરફ દાનવો. મહાસાગરનું મંથન શરૂ થયું. 'ઘરડ ધમ્મ્મ્, ઘરડ ધમ્મ્મ્' ભારે અવાજ થવા લાગ્યો.

સાગરનાં પાણી ઉપર ફીણ ઊભરાયાં. પ્રચંડ મોજાં ઊછળવા લાગ્યાં. એવામાં સુરભિ ગાય દેખાઈ. થોડી વારમાં કૌસ્તુભમણિ, ઉચ્ચૈઃશ્રવા ઘોડો, ચન્દ્રમા, પારિજાતનું વૃક્ષ આવી સુંદર વસ્તુઓ નીકળવા લાગી. પણ વિષ્ણુના કહેવા પ્રમાણે દેવ-દાનવોએ મંથન ચાલુ જ રાખ્યું. એવામાં સાગરમાંથી હળાહળ ઝેર નીકળ્યું. દેવ-દાનવો દોરડું છોડીને ભાગ્યા.

હળાહળ વિષ જગતનો નાશ કરશે એમ જોતાં જ કૈલાસપતિ શંકર એકદમ સમુદ્ર કિનારે આવી પહોંચ્યા અને એ ઝેર પી ગયા. ઝેરનું શમન થતાં જ પાછું મંથન ચાલુ થયું. થોડી વારમાં એક અમૃતકુંભ દેખાયો. દેવ-દાનવોએ દોરડું છોડી દીધું. દેવો પહોંચે એ પહેલાં દાનવો કુંભ લઈને ભાગી ગયા. દાનવો અમૃતકુંભ લઈ ગયા, એનું પાન કરવા બેસી ગયા. પણ કોણ પહેલાં પીએ એની તકરાર ચાલી.

એવામાં વિષ્ણુ ભગવાન મોહિનીનું રૂપ ધારણ કરીને ત્યાં પહોંચ્યા. દાનવો અમૃતકુંભ છોડીને એની આસપાસ ઘેરાઈ વળ્યા. મોહિની પાસે મદિરા હતી. દાનવોએ મદિરા પીધી અને એમાં ચકચૂર બનીને અંદર અંદર ઝઘડવા લાગ્યા.

ત્યાં જ વિષ્ણુ ભગવાન અમૃતકુંભ લઈને સમુદ્ર કિનારે આવી પહોંચ્યા. ત્યાં દેવો પ્રભુની સ્તુતિ કરતા બેઠા હતા. ભગવાને એમને અમૃતકુંભ આપ્યો. દેવોએ સરખે ભાગે વહેંચીને અમૃત પીધું. અમૃત પીને દેવો અમર બન્યા.



# ૫. વરાહ અવતાર

પ્રાચીનકાળમાં આપણી આ પૃથ્વી જળમાં ડૂબેલી હતી. એ ઘોર મહાસાગરમાં વિષ્ણુ ભગવાન શેષનાગ ઉપર પોઢેલા હતા. એમના નાભિકમળમાંથી બ્રહ્મા પ્રકટ થયા.

એક વાર બ્રહ્માજીને સૃષ્ટિ ઉત્પન્ન કરવાની ઇચ્છા થઈ એટલે એમણે પોતાના શરીરમાંથી સ્વયંભૂ અને શતરૂપાને ઉત્પન્ન કર્યાં. એ બંનેએ બ્રહ્માજીને પૂછ્યું, "પિતાજી, અમે સૃષ્ટિ તો ઉત્પન્ન કરીશું પરંતુ એ બધાં પ્રાણીઓ પૃથ્વી વગર કયાં વસશે ?"

ત્યારે બ્રહ્માએ વિષ્ણુ ભગવાનને પ્રાર્થના કરી કે, "આ પાણીમાંથી તમે જ પૃથ્વીને બહાર કાઢો." બ્રહ્માની પ્રાર્થના સાંભળીને વિષ્ણુ ભગવાને વરાહનું રૂપ ધારણ કર્યું. વરાહ ભગવાન દાઢ ઉપર પૃથ્વીને ધારણ કરીને જળમાંથી બહાર લાવી રહ્યા હતા એવામાં હિરણ્યાક્ષ નામે એક દૈત્ય ગદા લઈને તેમની સામે આવ્યો અને બોલ્યો, "ઊભો રહે સૂવ્વર, આ પૃથ્વીને કયાં લઈ જાય છે? એના ઉપર તો મારો અધિકાર છે."

આ સાંભળીને વરાહ ઊભા રહ્યા. દૈત્ય અને વરાહ વચ્ચે લડાઈ થઈ. એમાં પોતાની તીણી, ધારદાર દાતરડી (દાંતની) વડે વરાહે હિરણ્યાક્ષને ચીરી નાંખ્યો.


શુકદેવજીએ આટલી વાત કહી એટલામાં પરીક્ષિત રાજાએ પ્રશ્ન પૂછ્યો, "મહારાજ ! આ હિરણ્યાક્ષ કોણ હતો, એની કથા મને સંભળાવો."

દક્ષ પ્રજાપતિને ઘણી પુત્રીઓ હતી. એમાંની એક પુત્રી દિતિ કશ્યપ ઋષિને પરણી હતી. કશ્યપ શાંત સ્વભાવના હતા પણ દિતિ બહુ ચંચળ હતી. એણે બે પુત્રોને જન્મ આપ્યો; હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુ. (હિરણ્યકશ્યપ) બંને પુત્ર એમની માતા જેવા નીકળ્યા. બાળપણથી જ નટખટ. પોતાનું ધાર્યું કરવાવાળા.

એક વાર હિરણ્યાક્ષ ગદા લઈને બ્રહ્માની પાસે પહોંચી ગયો અને એમને પડકાર કર્યો કે મારી સાથે યુદ્ધ કરો.

બ્રહ્માએ વિચાર્યું કે આને ભગવાન સિવાય કોઈ નહીં પહોંચી શકે. આથી એમણે કહ્યું, "એક મોટો વરાહ (ભૂંડ) બહુરત્ના વસુંધરાને લઈને દોડતો જઈ રહ્યો છે. એ પૃથ્વી એની પાસેથી તું પડાવી લે તો તું ખરો બહાદુર."

હિરણ્યાક્ષ વરાહની શોધમાં દોડ્યો. એમની સાથે યુદ્ધ કરતાં કરતાં હિરણ્યાક્ષ મરાયો.



# ૯. કપિલમુનિ

બ્રહ્માના પુત્ર મનુ અને એમના બે પુત્ર તે પ્રિયવ્રત અને ઉત્તાનપાદ. એક પુત્રી હતી દેવહૂતિ. સમય જતાં દેવહૂતિ ઉંમરલાયક થઈ. એવામાં નારદ મુનિ એમને ઘેર પધાર્યા. એમની પાસેથી દેવહૂતિએ કર્દમ ઋષિનાં વખાણ સાંભળ્યાં. આ સાંભળીને દેવહૂતિને એમની સાથે લગ્ન કરવાની ઇચ્છા થઈ. એણે પોતાની માને આ ઇચ્છા જણાવી. આ સાંભળી મા-બાપ કર્દમ ઋષિના આશ્રમમાં ગયાં.

મુનિએ રાજા-રાણીનો સત્કાર કર્યો અને એમને આવવાનું કારણ પૂછ્યું. મનુએ કહ્યું, "હે મુનિ ! આ મારી કન્યા દેવહૂતિ અમારી બહુલાડકી દીકરી છે. એણે નારદમુનિ પાસે આપની પ્રશંસા સાંભળી અને ત્યારથી જ એ મનોમન આપને વરી ચૂકી છે. હવે આપ એનો સ્વીકાર કરો."

કર્દમ ઋષિએ થોડી વાર વિચાર કરીને કહ્યું, "ઠીક, પરંતુ મારી એક શરત છે. તમારી પુત્રીને એક પુત્ર જન્મે તે પછી તમારે મને સન્યાસ લેવાની છૂટ આપવી." દેવહૂતિ અને એનાં માતા-પિતાએ કર્દમ ઋષિની વાતનો સ્વીકાર કર્યો અને દેવહૂતિ અને કર્દમનાં લગ્ન થયાં.

દેવહૂતિ અને કર્દમ બધી વાતે સુખી હતાં પણ દેવહૂતિને એક પછી એક એમ નવ પુત્રીઓ જન્મી. છેવટે કર્દમ ઋષિએ ઘર છોડવાનું નક્કી કર્યું.


દેવહૂતિએ એમને કહ્યું, "તમે તો મને વચન આપ્યું છે કે પુત્ર થયા બાદ સંન્યાસ લઈશ, તો પછી ?" આવાં મધુર વચન સાંભળીને કર્દમ ઋષિ જરા ટાઢા પડ્યા.

પ્રભુકૃપાથી દેવહૂતિને પેટે પુત્રનો જન્મ થયો. આ જાણીને બ્રહ્મા સ્વયં ત્યાં આવી પહોંચ્યા. એમણે પુત્રનું નામ રાખ્યું, કપિલ. અને ભાવિ ભાખ્યું કે, આ પુત્ર મહાજ્ઞાની થશે. તારે ઘેર તો સત્યનારાયણે અવતાર લીધો છે.

કપિલ બાર વર્ષના થયા ત્યારે કર્દમ ઋષિ સન્યાસ લઈને ચાલી નીકળ્યા. કપિલમુનિ માતાની સેવા કરતા હતા. કયારેક કયારેક માતા દેવહૂતિ ઉદાસ થઈ જતાં ત્યારે કપિલમુનિ એમને જ્ઞાનનો ઉપદેશ દઈને શાંતિ આપતા.

કપિલમુનિના હૃદયમાં અંતર્જ્ઞાનનો ઉદય થયો. પોતાની માતાને શાંતિ આપતાં આપતાં એક વખત એમણે કહ્યું, "હે માતા ! મનુષ્યમાત્રમાં પરમાત્મા વસે છે. એને જે જાણે છે, ઓળખે છે તેના સંસારનાં સર્વે દુઃખો દૂર થાય છે."

કપિલમુનિએ માતાને પ્રણામ કર્યાં અને વનમાં તપસ્યા કરવા ચાલી નીકળ્યા.



# ૭. ગુરુ દત્તાત્રેય

સતી અનસૂયા અને અત્રિ ઋષિના પુત્ર દત્તાત્રેય. એ ગુરુઓના ગુરુ મનાય છે અને ઈશ્વરના અવતાર મનાય છે. એમણે પ્રત્યેક પ્રાણી પાસેથી જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું.

એક વાર દત્તાત્રેય અને યદુરાજાનો મેળાપ થયો. રાજાએ દત્તગુરુને પૂછ્યું, "હે મહારાજ! આ સંસારમાં દરેક જીવ મોહમાયામાં ડૂબેલો છે, ત્યારે તમે આમ આનંદથી વિહાર કરી રહ્યા છો એનું શું કારણ?"

દત્તાત્રેય બોલ્યા, "હે રાજા! મેં પૃથ્વીના અનેક પદાર્થો પાસેથી સાચું શિક્ષણ લીધું છે, આ જ કારણે મારું ચિત્ત શાંત છે."

યદુરાજાએ કહ્યું, "આપે કોની પાસેથી કેવું શિક્ષણ લીધું એ મને સમજાવો."

દત્તાત્રેય કહેવા લાગ્યા, "આ ધરતી જીવમાત્રને જન્મ આપનારી માતા છે. એના ઉપર એનાં સંતાનો મનફાવે તેમ હરે-ફરે છે, નાચે-કૂદે છે, છતાં ધરતી બધાંયનું પાલન-પોષણ કરે છે. ક્ષમાનો આ ગુણ હું પૃથ્વી પાસેથી શીખ્યો છું.


"વાયુ-પવન આખીય સૃષ્ટિને જીવન આપે છે. પણ એ એના બદલામાં કશાની આશા રાખતો નથી. એને પોતાનો કોઈ સ્વાર્થ નથી. પવનની પાસેથી હું સંતોષનો પાઠ શીખ્યો છું.

"પાણી પાસેથી સ્વચ્છતા, અગ્નિ પાસેથી તેજસ્વિતા, સૂર્ય પાસેથી ઉદારતા, સમુદ્ર પાસેથી ગંભીરતા અને આકાશ પાસેથી અલિપ્તતાનું શિક્ષણ હું પામ્યો છું.

"હે યદુરાજા! પતંગિયાને રૂપના કારણે, ભમરાને સુગંધના કારણે, હાથીને સ્પર્શસુખના કારણે, હરણને સંગીત ખાતર તથા માછલીને જીભના સ્વાદના કારણે નાશ પામતાં મેં જોયો છે. આથી પાંચે ઈન્દ્રિયોના મારા વિષયો-રસો શાંત થઈ ગયા છે.

"હે યદુરાજા! વિચાર કરતાં મને સૂઝયું કે પૃથ્વી, જળ, વાયુ, તેજ અને આકાશ: આ પંચભૂતોમાંથી આ શરીર બન્યું છે અને મૃત્યુ પછી આ પાંચે તત્વોમાં એ મળી જવાનું છે. એમાં વસતો આત્મા પરમાત્મામાં મળી જશે. આ પ્રમાણે ચિંતન કરવાથી મને આત્મ-શાંતિનો અનુભવ થયો."

દત્તગુરુની વાત સાંભળીને યદુરાજાનું ચિત્ત શાંત થયું.



# ૮. દક્ષ પ્રજાપતિ

દક્ષ પ્રજાપતિ બ્રહ્માના પુત્ર હતા. એમની સત્યાવીસ પુત્રીઓ હતી. એમાં સૌથી નાની હતી સતી. સતી દક્ષ પ્રજાપતિની લાડકી દીકરી.

એક વાર સતી હિમાલયનાં ઉપવનોમાં ફરવા નીકળ્યાં. ત્યાં એમણે કૈલાસ-પતિ ભગવાન મહાદેવને જોયા. પૂર્વજન્મનો કોઈ ઋણાનુબંધ હોય એમ શંકરને જોતાં જ એમની સાથે વિવાહ કરી લીધો. કૈલાસ પર્વત પર બંને જણ આનંદથી રહેવા લાગ્યાં. દક્ષને આ વાતની જાણ થઈ. એમના ક્રોધનો પાર ન રહ્યો.

કેટલાક સમય પછી દક્ષે એક મહાયજ્ઞ કરવાનો નિશ્ચય કર્યો. એમાં બધા દેવોને બોલાવ્યા; એક મહાદેવને આમંત્રણ ન આપ્યું.

સતીને ખબર પડી કે દક્ષ પ્રજાપતિ યજ્ઞ કરી રહ્યાં છે. આથી એમણે જઈને મહાદેવને કહ્યું, "મહારાજ ! મારા પિતાજીએ મોટો યજ્ઞ માંડ્યો છે; ચાલો, આપણે પણ જઈએ."


મહાદેવ હસીને બોલ્યા, "સતી ! તમે સાવ ભોળાં છો. નિમંત્રણ વગર કેવી રીતે જવાય ?" સતી બોલ્યાં, "પિતાજીને ઘેર જવામાં વળી નિમંત્રણ કેવું ?"

શંકરે કહ્યું, "તો તમે જાઓ, હું તો નહીં આવું. તમારા પિતાજી મારા ઉપર ગુસ્સે થયેલા છે. આથી ત્યાં તમારું અપમાન થશે."

સદાશિવે આટલી બધી ચેતવણી આપી છતાં સતી જવા માટે તૈયાર થયાં. એક વિદ્યાધરના વિમાનમાં બેસીને એ પિતાને ઘેર પહોંચ્યાં. સતી યજ્ઞમંડપમાં પ્રવેશ્યાં. સતીએ ઊંચા સાદે પિતાજીને પૂછ્યું, "પિતાજી……"

દક્ષ ક્રોધથી ભભૂકી ઊઠ્યા, "હું તારો પિતા નથી, તું મારી પુત્રી નથી. એ જોગટા જોડે લગ્ન કરીને તેં મારું નામ બોળ્યું છે. તું શું મોં લઈને આજે અહીં આવી છે ?"

સાંભળતાં જ સતી આગ ઝરતા શબ્દોમાં બોલ્યાં, "પિતાજી ! મને મારા મહાદેવજીએ ના જ કહી હતી. તમે પિતા થઈને પુત્રીનું અપમાન કરો છો ? તમારા બધાય જમાઈઓ કરતાં મારા શંકર ગુણોમાં ચઢિયાતા છે. મેં તમારું નામ બોળ્યું નથી, ઉલટું કુળ ઉજાળ્યું છે, એમ કહો. તમે મહાદેવનું અપમાન કર્યું છે, હું તમારી પુત્રી થઈને જીવવા માંગતી નથી. બીજે જન્મ લઈને હું સદાશિવને જ વરીશ." આટલું કહેતાં કહેતાંમાં તો સતીએ અગ્નિકુંડમાં ઝંપલાવ્યું.



# ૯. શંકર-પાર્વતી

હિમાલયના રાજાને ત્યાં પુત્રી અવતરી. નામ પાડયું ઉમા. પર્વતરાજની પુત્રી, એટલે બધાં એને પાર્વતી પણ કહેતા. માતા મેનાવતીને દીકરી ઘણી વહાલી. એક પળ માટે પણ અળગી ન કરે. લાડકોડમાં ઉછરતી ઉમા બાર વરસની થઈ.

એવામાં એક વાર નારદ મુનિ ત્યાં આવી પહોંચ્યા. મેનાવતીએ પુત્રી પાસે મુનિને પ્રણામ કરાવ્યા. નારદજીને પૂછયું, "મહારાજ! આને કેવો વર મળશે ?"

નારદજીએ પાર્વતીનો હાથ જોયો અને કહ્યું, "આ તમારી દીકરી મહાપુરુષને પરણવાની." ભવિષ્ય ભાખીને નારદજી ચાલ્યા ગયા.

ઉમાને પૂર્વજન્મની વાત યાદ હતી. એમણે માને કહ્યું, "મા ! હું તો મહાદેવને વરવા જાઉં છું." માએ સ્નેહથી પુત્રીને છાતી સરસી ચાંપી અને કહ્યું, "બેટા ! મહાદેવને કોણે જોયા છે ? તારે માટે તો અમે સારોમજાનો વર શોધી કાઢી શુ."


માએ ઉમાને બહુ સમજાવ્યાં પણ એ ન માન્યાં અને વનમાં ચાલી નીકળ્યાં. તપ કર્યા વગર મહાદેવ ન મળે. એક ઊંચા પર્વતની તળેટીમાં, નદી કિનારે પર્ણકુટિ બનાવી. ઉમાએ તપ આદર્યું.

ઉમા વહેલી સવારે ઊઠી, સ્નાન કરીને પૂજામાં બેસતાં. મહાદેવનું એકચિત્તે ધ્યાન ધરતાં. એક દિવસ સ્નાન કરીને પૂજા કરવા બેસતાં હતાં ત્યાં એક જટાધારી બટુકને આવતો જોયો. બટુકે પાનીઢંક વલ્કલ પહેર્યાં હતાં. એક હાથમાં ખાખરાનો દંડ હતો, બીજા હાથમાં કમંડળ, પગમાં ચાખડીઓ પહેરી હતી. એનુ મુખમંડળ ઊગતા સૂર્યના તેજમાં ઝગમગતતું હતું

આવા અતિથિને આવતો જોઈને ઉમા ઊભાં થઈ ગયાં. આસન પાથર્યું, પ્રણામ કરીને અતિથિનું સ્વાગત કર્યું. પીવા માટે પાણી અને ફળફૂલ સામે મૂક્યાં.

ઉમાની પરીક્ષા કરવા આ તો સ્વયં શંકર જ જટાધારી બટુક બનીને આવ્યા હતા. એમણે ઉમાની ઘણી કસોટી કરી પણ એનો અડગ નિર્ધાર જોઈને ઘણા પ્રસન્ન થયા. પોતાનું મૂળ રૂપ ધારણ કરીને ઉમાનો જમણો હાથ પકડી લીધો અને પ્રેમથી બોલ્યા, "હે પાર્વતી ! તમે તમારા તપથી મને જીતી લીધો છે."

ઉમાએ હવે મહાદેવને બરાબર ઓળખ્યા. એના આનંદનો પાર ન રહ્યો.



# ૧૦. ભક્ત ધ્રુવકુમાર

પ્રાચીન સમયમાં ઉત્તાનપાદ નામે રાજા થઈ ગયો. એને સુરુચિ અને સુનીતિ નામની બે રાણીઓ હતી. એમાં સુરુચિ માનીતી અને સુનીતિ અણ-માનીતી. બંને રાણીઓને એક એક કુંવર હતો. સુરુચિનો પુત્ર ઉત્તમ અને સુનીતિનો ધ્રુવ.

એક વાર ઉત્તાનપાદ રાજા ઉત્તમને લાડ લડાવી રહ્યા હતા. એવામાં ધ્રુવ રમતો રમતો ત્યાં જઈ ચડ્યો. અને એ પણ ઉત્તમની સાથે રાજાના ખોળે ચડી બેઠો.

આ જોઈને અપર મા સુરુચિ એકદમ લાલપીળી થઈ ગઈ અને એણે ધ્રુવનો હાથ પકડીને નીચે ઊતાર્યો અને બોલી, "રાજાના ખોળે બેસવું હોય તો વનમાં જઈને તપ કર, આ દેહ છોડીને ફરી મારા પેટે જન્મ લે."

આ સાંભળી ધ્રુવકુમાર વનમાં તપ કરવા ચાલી નીકળ્યો. રસ્તામાં ધ્રુવને નારદ મુનિ મળ્યા. પાંચ વર્ષના બાળકને વનમાં તપ કરવા જતો જોઈને નારદજીને આશ્ચર્ય થયું, ઉપરથી વહાલ ઊભરાઈ આવ્યું. બોલ્યા, "ભાઈ, તેં કદી વન જોયું નથી. વનમાં વાઘ, ચિત્તા ફરતા હોય છે. ટાઢ, તાપ ને વરસાદ પડશે. જંગલમાં રહીને તપ કરવું બહુ કપરું કામ છે."


આ સાંભળી ધ્રુવકુમાર બોલ્યા, "મહારાજ ! મારું શરીર ભલે કોમળ પણ મારું મન મજબૂત છે. મારો નિશ્ચય અડગ છે. તમે મને આશીર્વાદ આપો એટલે બસ." નારદજી પ્રસન્ન થયા. એમણે આશીર્વાદ આપ્યા અને ભગવાનના નામનો મંત્ર પણ આપ્યો.

ધ્રુવકુમાર તો જમુના નદીના કિનારે મધુવનમાં પહોંચ્યા. પથ્થર પર આસન જમાવીને ધ્રુવકુમાર બેઠા અને ભગવાનના નામનો જપ કરવા લાગ્યા.

ધ્રુવજી ફળફૂલ ખાઈને રહેતા. એકચિત્તે પ્રભુભજન કરતા ક્યારેક એક પગ પર ઊભા રહીને તપ કરતા. આમ ભારે તપસ્યા કરી ત્યારે ભગવાન પ્રસન્ન થયા અને કહ્યું કે, "માંગ માંગ, માંગે તે આપું."

ધ્રુવ બોલ્યા, "આપનું શરણ અને આપની ભક્તિ એટલું જ માંગું."

ભગવાને 'તથાસ્તુ' કહીને મસ્તક પર હાથ મૂક્યો. ધ્રુવજી ઘેર આવ્યા. માતાપિતાને પગે પડ્યા. રાજાએ ધ્રુવને ગાદીએ બેસાડ્યા. મા-બાપ અને નગરજનો સૌ પ્રસન્ન થઈ ગયાં.



# ૧૧. વેન ચરિત

ધ્રુવજીના વંશમાં અંગ નામે રાજા થઈ ગયો. એના રાજમાં લોકો સુખ-શાંતિથી રહેતા હતા.

રાજાને મોટી ઉંમરે પુત્ર જન્મ્યો. એનું નામ વેન. મા-બાપે એને ખોટાં લાડલડાવ્યા આથી તે સ્વચ્છંદી બની ગયો. નાનપણથી જ ઘણો નટખટ.

રાજકુમાર વેનની ફરિયાદો રાજા પાસે આવવા લાગી. રાજાએ વેનને ધમકાવ્યો, આથી એ તો પિતાની સામો થઈ ગયો. વેનની માતા સુનીથા સમજુ હતી. એણે બહુ પ્રયત્નો કર્યા પણ વેને તો માનું પણ કહ્યું માન્યું નહીં.

છેવટે રાજા પુત્રથી કંટાળી ગયો. એક વાર મધ્યરાત્રિએ સૌ ગાઢ નિદ્રામાં હતા ત્યારે એ વનમાં ચાલ્યો ગયો.

હવે વેનને રાજગાદી મળી. રાજસત્તા હાથમાં આવતાં જ એનું અભિમાન એકદમ બધી ગયું. એણે મનમાન્યા હુકમો છોડ્યા, "કોઈએ યજ્ઞ કરવા નહીં, દાન, પુણ્ય, પાઠ, પૂજા કરવાં નહીં."


વેન રાજાના આવા મનસ્વી હુકમોથી પ્રજા ત્રાહિમામ પોકારી ઊઠી. આથી છેવટે રાજ્યના તમામ આગેવાનો એકઠા થયા. એમણે રાજાની સામે બળવો કર્યો અને રાજાને મારી નાંખ્યો. રાજમાતા સુનીથાએ રાજ્યની લગામ પોતાના હાથમાં લીધી. પ્રજાજનોને એમને માટે અપાર માન હતું. રાજમાતાએ બધાંને શાંત કર્યાં.

વેનનો પૃથુ નામનો પુત્ર પ્રતાપી હતો. એ ઉંમરલાયક થયો ત્યારે લોકોએ એને રાજગાદી સોંપી.

વેનના જુલમથી પ્રજાનો વિનાશ થયો હતો, ધંધા-રોજગાર તૂટી ગયા હતા. લોકો ડરપોક અને સ્વાર્થી બની ગયા હતા. પૃથુ રાજાએ પ્રજાના આગેવાનોને બોલાવીને એમના હાથમાં રાજકાજ સોંપ્યું. પોતે એમના સલાહકાર બનીને રહ્યા.

પૃથુના રાજમાં મોટા મોટા પહાડ તોડીને જમીનને સમથળ કરવામાં આવી. એને જોતરીને, ખાતર નાંખીને એને ફળદ્રૂપ બનાવવામાં આવી. ખેતી અને પશુ-પાલનની સાથે સાથે બીજા ઉદ્યોગોને પણ ઉત્તેજન આપવામાં આવ્યું. લોકો પુરુષાર્થી અને નિર્ભય બન્યા.

પૃથુ રાજા એક અવતાર-પુરુષ મનાતા હતા. વેનના દુરાચાર લોકો ભૂલી ગયા અને એના પૂર્વજ ધ્રુવને યાદ કરીને લોકો પૃથુની પ્રશંસા કરવા લાગ્યા.



# ૧૨. જડભરત

પ્રાચીન સમયમાં ઋષભદેવના પુત્ર ભરત રાજ્ય કરતા હતા. એમનું મન સંસારના સુખમાં પણ લાગતું ન હોતું. આથી મોટા પુત્રને રાજગાદી સોંપીને એ વનમાં તપ કરવા ચાલી નીકળ્યા.

નદી કિનારે ભરત ઋષિનો આશ્રમ હતો. એક વાર એ ભગવાનના નામનો જપ કરતા હતા, ત્યાં અચાનક એક સિંહની ત્રાડ સંભળાઈ, એનાથી ગભરાઈને એક હરણી દોડતી આવી, નદી કૂદવા જતાં એનું એક બચ્ચુ પાણીમાં પડી ગયું.

ભરત મુનિએ એને પાણીપોષીને ઉછેર્યું. નાના હરણના બચ્ચામાં ભરત-મુનિને એવી માયા લાગી ગઈ કે મરતી વખતે પણ એ બચ્ચામાં એમનો જીવ રહી ગયો. આથી બીજા જન્મમાં એમને હરણનો અવતાર મળ્યો. હરણની યોનિમાંથી છૂટ્યા પછી એક બ્રાહ્મણને ઘેર એમનો જન્મ થયો.

ભરતજીને તો પાછલા જન્મની યાદ રહી ગઈ છે. આથી હવે એ મા, બાપ, ભાઈ, બંધુ-બાંધવો કોઈની સાથે બોલતા નથી. મૂંગા મૂંગાં જડની જેમ બેસી રહે છે. માતા પિતા ગુજરી ગયાં પછી ભરત ઘર છોડીને ચાલી નીકળ્યા.

એક વાર સિંધુ દેશનો રાજા રહુગણ પાલખીમાં બેસીને કપિલ મુનિના આશ્રમ તરફ જઈ રહ્યો છે. રસ્તામાં પાલખી ઊંચકનાર એક ભોઈ માંદો પડી ગયો. રાજાના માણસો બીજા માણસની શોધમાં નીકળ્યા. એમણે ભરતને જોયા. ભરતનું હૃષ્ટ-પુષ્ટ શરીર જોઈને તેમણે એમને પકડ્યા.


જડભરતે પાલખી ઉપાડી. પણ પગતળે કોઈ જીવ કચડાઈ ન જાય એને કાળજી રાખતા એ ચાલતા હતા. આથી પાલખી ઊંચી-નીચી થતી હતી.

રાજાને આંચકા લાગવા લાગ્યા. આથી એણે ભોઈઓને ધમકાવ્યા. જડભરતને ધમકાવીને એણે કહ્યું, "આમ મુડદાલની જેમ શું ચાલે છે?"

જડભરતે હસીને જવાબ દીધો, "હે રાજા! હું એકલો જીવતો મુએલો છું એમ નથી; આ આંખોથી જેટલી વસ્તુઓ દેખાય છે તે બધી જ નાશવંત છે."

મૂરખ દેખાતા આ માણસના મોંએથી ગૂઢ જ્ઞાનની વાત સાંભળીને રાજા ચમક્યો. એ પાલખીમાંથી નીચે ઊતર્યો અને જડભરતને પગે પડ્યો. પોતાની ભૂલની ક્ષમા માંગી.

મહાત્મા જડભરતનાં દર્શનથી રહુગણ રાજા સંસારની માયાથી મુક્ત થયા અને એમને શાંતિ મળી.



# ૧૩. અજામિલ આખ્યાન

કનોજમાં અજામિલ નામે એક બ્રાહ્મણ રહેતો હતો. એ વેદશાસ્ત્રોનો જાણકાર અને સદાચારી હતો.

એક વાર એ શહેરમાં ફરવા નીકળ્યો. એવામાં એની નજર એક વારાંગના ઉપર પડી.

અજામિલ હતો તો પવિત્ર બ્રાહ્મણ પણ કોણ જાણે કઈ રીતે એ દિવસે મોહમાં આંધળો બની ગયો અને વારાંગનાના ઘરમાં ઘૂસ્યો. મોડી રાત સુધી નાચ-ગાન સાંભળીને ઘેર પાછો આવ્યો.

અજામિલના માબાપને ખબર પડી. એમણે એને ધમકાવ્યો. પત્નીએ પણ તિરસ્કાર કર્યો. પણ અજામિલે કોઈનું કંઈ સાંભળ્યું નહીં.

માણસ એક પગથિયું ચૂકે એટલે સીધો નીચે જ ગબડે છે. અજામિલ જૂઠું બોલવા લાગ્યો, ચોરી, જુગાર અને મદિરાપાનના રસ્તે ચઢી ગયો.

એમ કરતાં કરતાં અજામિલ ઘરડો થયો. એનું શરીર રોગથી ઘેરાઈ ગયું. એ પથારીવશ બન્યો. અજામિલને થયું કે હવે મોત પાસે આવી ગયું છે.

આવા વખતે અજામિલને પોતાનાં કુકૃત્યો યાદ આવવા લાગ્યાં. મનમાં થયું, "મારો મહામૂલો મનુષ્યાવતાર એળે ગયો." એની આંખમાંથી આંસુની ધારા વહી ચાલી.

અજામિલે 'નારાયણ, નારાયણ' એવું કહીને પડખું ફેરવ્યું. ત્યારે એનો સૌથી નાનો દીકરો નારાયણ હતો એને બધાયે પાસે બોલાવીને બેસાડ્યો.

નાનો નારાયણ અજામિલને બહુ વહાલો હતો. એ ખાતાં શીખ્યો ત્યારથી અજામિલ એને પોતાના હાથે ખવડાવતો. પણ અત્યારે અંતઘડીએ એને પુત્ર નારાયણથી સંતોષ ન થયો. ફરી એણે પોકાર કર્યો, 'નારાયણ, નારાયણ'. આંખ-માંથી અશ્રુધારા તો વહ્યા જ કરતી હતી. એની અંતર્વેદના કોઈ દૂર કરી શકે એમ નહોતું. સાચા મનથી એ પ્રભુનું નામ રટતો હતો. ભગવાને એનો આર્તનાદ સાંભળ્યો. સાંભળતા જ વિષ્ણુ ભગવાનના પાર્ષદો સામે આવીને ઊભા રહી ગયા. અજામિલને લાગ્યું કે પોતે સદેહે વૈકુંઠ તરફ જઈ રહ્યા છે.

આ વિચાર આવતાં જ એનો મૃત્યુનો ભય ચાલ્યો ગયો. ચિત્ત શાંત થઈ ગયું. ભગવાનનું નામ લેતાં લેતાં અજામિલનાં મૃત્યુની ઘડી સુધરી ગઈ.



# ૧૪. વૃત્રાસુર અને દધીચિ ઋષિ

શૂરસેન દેશમાં ચિત્રકેતુ નામે એક રાજા હતો. એને મોટી ઉંમરે પુત્ર જન્મ્યો પણ એને એની અપરમાએ મારી નાંખ્યો. આથી રાજા વિલાપ કરવા લાગ્યો. એવામાં નારદ મુનિ ત્યાં આવી ચઢ્યા. એમના ઉપદેશથી રાજાના મનમાં વૈરાગ્ય ઉપજ્યો. એ રાજપાટ છોડીને વનમાં ચાલ્યો ગયો.

ચિત્રકેતુ રાજાએ ભારે તપ કર્યું. એને તપનું અભિમાન આવી ગયું. પોતે મોટો મહાત્મા છે એવું મનોમન માની બેઠો. મહાદેવ અને પાર્વતીની એ મજાક ઊડાવવા લાગ્યો. એ સાવ રાક્ષસ બની ગયો. એણે પોતાનું નામ વૃત્રાસુર રાખ્યું. સ્વર્ગમાંથી એણે દેવતાઓને હાંકી કાઢ્યા. ઇન્દ્રનું ઇન્દ્રાસન પડાવી લીધું. વૃત્રાસુરના નામથી દેવદાનવ બધા થરથર કાંપતા.

ઇન્દ્ર વિષ્ણુની પાસે ગયા.

વિષ્ણુ ભગવાન બોલ્યા, "આ રાક્ષસને મારવા માટે લાકડા, લોઢા કે પથ્થરનાં હથિયાર કામ નહીં આવે. કોઈ તપસ્વીના તપથી મજબૂત બનેલાં હાડકાંમાંથી હથિયાર બનાવો. તમે દધીચિ ઋષિ પાસે જાઓ."

ઇન્દ્ર દધીચી પાસે પહોંચ્યો.


સાબરમતીને કિનારે દધીચિનો આશ્રમ હતો. અત્યારે જ્યાં ગાંધી બાપુનો આશ્રમ છે. એની સામેના કાંઠે એ તપ કરતા હતા.

ઇન્દ્રે દધીચિ ઋષિને પ્રણામ કર્યાં. વૃત્રના જુલમની વાત કરી.

દધીચિ મુનિ તો દયાળુ હતા. એમણે કહ્યું, "ભલે, હું સમાધિમાં બેસીને મારા પ્રાણ છોડું છું." આમ કહીને મુનિ તો પદ્માસન ચડાવીને બેસી ગયા. શ્વાસ રોકી દીધા અને દેહ છોડી દીધો.

ઇન્દ્રે દધીચિનાં હાડકાંમાંથી વજ્ર જેવું હથિયાર બનાવ્યું. અને વૃત્રાસુરની સાથે ભયંકર યુદ્ધ થયું. વૃત્રાસુર ઘાયલ થઈને રણમાં પડ્યો. મરતાં મરતાં એણે ઇન્દ્રને કહ્યું, "મને મૃત્યુનો ભય નથી. હું પ્રભુનાં દર્શન કરવા વ્યાકુળ થયો છું. પાંખ પણ ન ફૂટી હોય એવું, પંખીનું બચ્ચું પોતાની માને મળવા આતુર હોય એવો જ હું પ્રભુને પાવવા માટે તલસી રહ્યો છું."

આટલું કહેતાંમાં વૃત્રાસુરનો દેહ છૂટી ગયો અને એ વૈકુંઠે ગયો.



# ૧૫. સત્યાગ્રહી પ્રહ્લાદ

ગાંધી બાપુએ જગતને સત્યાગ્રહના પાઠ ભણાવ્યા. પણ સૌથી પહેલો સત્યાગ્રહી કોણ હતો એ જાણો છો? બાળક પ્રહ્લાદ સૌથી પહેલો સત્યાગ્રહી હતો.

પ્રહ્લાદના પિતાનું નામ હિરણ્યકશ્યપુ. એ બહુ જાલીમ હતો. ભગવાનનું નામ લેનારને જોતાંની સાથે ઠાર કરતો.

પ્રહ્લાદ પાંચ વર્ષનો થયો ત્યારે એને પાઠશાળામાં ભણવા બેસાડ્યો. પ્રહ્લાદ બારાખાડી શીખ્યો કે તરત એણે પાટી પર ભગવાનનું નામ લખ્યું. આ જોઈને ગુરુજીએ કહ્યું, "તું ભગવાનનું નામ લખીશ તો તારા પિતાજી મને અને તને, બંનેને મારી નાંખશે."

પ્રહ્લાદ બોલ્યા, "ભગવાનનુ નામ લેનારને કોઈ મારી ન શકે."

ગુરુજી ગભરાઈ ગયા. દોડતા રાજા પાસે પહોંચ્યા. બીતાં બીતાં બધી વાત કહી સંભળાવી.

હિરણ્યકશ્યપુને પ્રહ્લાદ બહુ વહાલો હતો. પણ ભગવાનને તો એ દુશ્મન જ માનતો હતો. પ્રહ્લાદના મોંએથી ભગવાનનું નામ છોડાવવા એણે પોતાના પ્રધાનને હુકમ કર્યો. પ્રધાને પ્રહ્લાદને પર્વત ઉપરથી ગબડાવ્યો, હાથીના પગ આગળ મૂક્યો, સામે કાળોતરા સાપ છોડી મૂક્યા છતાંય પ્રહ્લાદ તો અડગ જ રહ્યા.

આમ રાજાના દરેક જતના જુલમ પ્રહ્લાદજીએ હસતા મોંએ સહન કરી લીધા. ત્યારે હિરણ્યકશ્યપુને બહુ ખરાબ લાગ્યું. એને થયું, "આ બાળક મારો જીવ લેશે."

ત્યારે પ્રહ્લાદને બોલાવીને રાજાએ ત્રાડ પાડીને પૂછ્યું, "બોલ, ક્યાં છે તારો ભગવાન? મારે જોવો છે!"

પ્રહ્લાદે કહ્યું, "પિતાજી, ભગવાન તો ઘટ ઘટમાં વ્યાપી રહ્યો છે. મારામાં છે, તમારામાં છે, સૌનાં અંતરમાં એ વસે છે."

હિરણ્યકશ્યપુએ કહ્યું, "તારો ભગવાન આ સામે દેખાય છે એ થાંભલામાં પણ હશે?"

પ્રહ્લાદે કહ્યું, "હા પિતાજી." તે પછીની કથા સુવિદિત છે.

ભક્ત પ્રહ્લાદે બંને હાથ જોડીને ભગવાનની પ્રાર્થના કરી. બધાએ એકી અવાજે જયજયકાર કર્યો, "સત્યનો હંમેશા વિજય થાય છે."



# ૧૯. ગજેન્દ્રમોક્ષ

ત્રિકૂટ નામે પર્વત. એની તળેટીમાં સુંદર સરોવર. સરોવરના કિનારે વૃક્ષની છટા. આસપાસ ઘનઘોર જંગલ. એમાં એક મોટો હાથી રહે.

હાથીનું નામ ગજેન્દ્ર. હાથિણીઓથી ઘેરાયેલો ગજરાજ વનમાં ફરવા નીકળે ત્યારે નાનાંમોટાં પ્રાણીઓ તો ભાગંભાગ કરી મૂકે. હાથી પોતાની સૂંઢ વડે મોટાં મોટાં વૃક્ષોને ઉખાડીને ફેંકી દેતો. એનું જોર માતું ન હોતું.

ગજેન્દ્ર સરોવરમાં નહાવા પડે ત્યારે નાનાંમોટાં માછલાંને ઉછાળીને કિનારે ફેંકી દેતો. હાથણીઓની સાથે જળવિહાર કરતો. સૂંઢથી પાણી ઊછાળતો. પોતે વનનો રાજા હોય તેમ નિડર થઈને મોજ માણતો.

એ સરોવરમાં એક મગર રહેતો હતો. ઊંડાં જળમાં રહેતો હતો પણ હાથીનાં બધાં કરતૂત જોયાં કરતો.

એક વાર હાથી પોતાની હાથણીઓ સાથે સરોવરમાં નહાવા પડ્યો, એવો જ મગર એની પાસે આવ્યો અને ઝપ્ દઈને એણે એનો પગ ઝાલ્યો.

હાથીએ જોર કરીને પગ તો છોડાવી લીધો અને કિનારે આવી ગયો. એ દિવસ પછી હાથી સરોવરથી દૂર ને દૂર રહેવા લાગ્યો. પણ એક દિવસ ભાન ભૂલ્યો.

હાથણીઓની સાથે ક્રીડા કરતો કરતો એ ઊંડાં પાણીમાં ઊતરી ગયો. મગર તો રાહ જોઈને જ બેઠો હતો. દોડીને એણે હાથીનો પગ પકડી લીધો. મગરના છરી જેવા દાંત હાથીના પગમાં ખૂંપી ગયા. હાથીએ બહાર નીકળવા બહુ જોર કર્યું પણ મગર એને વધારે ઊંડાં જળમાં ખેંચતો ગયો. ગજેન્દ્ર મગરને બહાર ખેંચે અને મગર ગજેન્દ્રને પાણીમાં ખેંચે. આમ ગજગ્રાહની લડાઈ જામી.

મગર હાથીને બહુ ઊંડાં પાણીમાં લઈ ગયો. હાથી હિંમત હારી ગયો. એક સહેજ સૂંઢ માત્ર પાણીની બહાર દેખાતી હતી. એ સૂંઢમાં એણે સરોવરમાં ખીલેલા એક કમળને લીધું. અંતરની સાચી વેદનાથી એણે પોકાર કર્યો, "હે ભગવાન ! હવે તો તું બચાવ."

ભગવાનનું નામ લીધું કે તરત ભગવાન વહારે ધાયા. ભગવાનનાં દર્શન થતાંની સાથે જ ગજેન્દ્રમાં નવું બળ પ્રગટ્યું. એ મગરના મોંમાંથી પોતાનો પગ છોડાવીને કિનારા તરફ આવી ગયો.

ગજેન્દ્રનો મોક્ષ-છૂટકારો થતાં જ આકાશમાંથી પુષ્પવૃષ્ટિ થઈ. ભગવાનના નામના જયનાદ ગૂંજી ઊઠ્યા.



# ૧૭. દયાળુ રાજા શિબિ

એક વાર શિબિ રાજા રાજમહેલના ઝરૂખે બેઠા હતા. એવામાં અચાનક એક કબૂતર આવીને એમના ખોળામાં પડ્યું. કબૂતર કાંપતું હતું. એના શરીરમાંથી લોહી ટપકતું હતું અને એ કરુણ ચીસો પાડતું હતું.

શિબિ રાજા એને પંપાળવા લાગ્યા. એટલામાં એક મોટુંમસ બાજપક્ષી આવ્યું અને ઝરૂખાના કઠેરા પર બેસી ગયું ને ત્રાડ પાડીને બોલ્યું, "રાજા ! મારો શિકાર આપી દે."

શિબિ રાજાએ ધીરેથી જવાબ આપ્યો, "તેં કબૂતરને ઘાયલ કર્યું છે, એ વાત તો સાચી પણ કોઈ જીવ ઉપર એને મારનાર કરતાં એને બચાવનારનો ઝાઝો અધિકાર હોય છે, એ તું જાણે છે ?"

બાજ બોલ્યો, "આવી ડાહી ડાહી વાતો મારે નથી સાંભળવી. એ તો મારું ભોજન છે. કબૂતર મને સોંપી દે."

શિબિ : "જો ભાઈ, આ નિર્દોષ પંખી મારા શરણે આવ્યું છે. શરણાગતનું રક્ષણ કરવાનો મારો ધર્મ છે. મારા શરીરમાં જ્યાં સુધી પ્રાણ છે ત્યાં સુધી તું આને નહીં છીનવી શકે."

બાજ બોલ્યો, "રાજા, તારે બાળબચ્ચાં છે એમ મારે પણ બાળબચ્ચાં છે. માળામાં બિચારાં ભૂખે મરતાં હશે, માટે મને મારો શિકાર આપ."

શિબિ : "ભાઈ, તું કહે છે એ વાત સાચી, માટે આ કબૂતર જેટલું માંસ તું મારા શરીરમાંથી કાઢીને લઈ જા." આમ કહીને રાજાએ ત્રાજવું અને છરી મંગાવ્યાં. રાજાએ ત્રાજવાના એક પલ્લામાં કબૂતરને મૂક્યું. પછી પોતાની જમણી જાંઘમાંથી માંસનો ટુકડો કાપીને સામેના પલ્લામાં મૂક્યો. આમ કરતાં અડધી જાંઘ ચિરાઈ. પણ છતાંય કબૂતર જેટલું માંસનું વજન થતું જ ન હતું. જાંઘમાંથી લોહી વહ્યે જતું હતું. આથી રાજાની આંખે અંધારાં આવવા લાગ્યા. બેભાન થઈને પડી ગયા.

એવામાં વિશ્વામિત્ર ઋષિ આવી પહોંચ્યા. એમણે રાજાને માથે હાથ ફેરવ્યો અને કહ્યું, "બસ રાજા ! બંને પલ્લાં સરખાં થઈ ગયાં." એમ કહીને માંસનો ટુકડો બાજ પક્ષી તરફ ફેંક્યો, તે લઈને બાજ ઊડી ગયો.

'શરણાગતવત્સલ' તરીકે શિબિરાજાનું નામ અમર થઈ ગયું.



# ૧૮. અંબરીષની કથા

અંબરીષ નામે રાજા ભગવાનનો ભક્ત હતો. અંબરીષના રાજ્યમાં પ્રજા દરેક વાતે સુખી હતી.

અંબરીષ રાજા એક વાર રાણીની સાથે યમુના કિનારે મધુવનમાં ગયા. ત્યાં એક વર્ષ તપ કર્યું. ભગવાને પ્રસન્ન થઈને એમને સુદર્શનચક્ર આપ્યું.

અંબરીષે કારતક મહિનામાં ત્રણ દિવસના ઉપવાસ કર્યા. બ્રાહ્મણોને ગાયોનાં દાન દીધાં. વ્રત પૂરું થતાં ઉપવાસનાં પારણાં કરવા બેઠા હતા ત્યાં એમને ત્યાં દુર્વાસા મુનિ અતિથિ બનીને આવ્યા. અંબરીષે દુર્વાસાનું પ્રેમથી સ્વાગત કર્યું અને ભોજન કરવાની વિનંતી કરી.

દુર્વાસાએ કહ્યું, "હું સ્નાન કરીને આવું છું." આમ કહીને એ નદીએ નહાવા ગયા. ત્યાં ધ્યાન ધરવા બેઠા તો દુનિયાને ભૂલી ગયા. આ તરફ અંબરીષ રાજાને પારણાં કરવાનો સમય થયો. બારશ પૂરી થાય એ પહેલાં પારણાં કરવાં પડે. એક ઘડી બાકી રહી હતી. અતિથિને ખવડાવ્યા સિવાય ખવાય નહીં. આમ રાજાને ધર્મસંકટ આવી પડ્યું. ત્યારે એણે ફક્ત જળનું આચમન કરીને પારણાં કરી લીધાં.


દુર્વાસામુનિ સ્નાન કરીને આવ્યા ત્યારે એમને ખબર પડી કે અંબરીષ રાજાએ પારણાં કરી લીધાં છે. માત્ર આચમન જ કર્યું છે, એ જાણ્યા વગર દુર્વાસા ક્રોધિત થઈ ગયા. એમણે તો જટા પછાડી. એમાંથી કૃત્યા નામની રાક્ષસી ધસી આવી. એ રાજાને મારવા દોડી.

અંબરીષ રાજા ભગવાનના ભક્ત હતા. સુદર્શનચક્ર એમનું રક્ષણ કરતું હતું. એ કૃત્યાની સામે થયું. અને એને બાળી નાંખી. પછી સુદર્શન દુર્વાસાની પાછળ પડ્યું.

દુર્વાસા તો ભાગ્યા. બ્રહ્માના શરણે ગયા. બ્રહ્મા બોલ્યા, "હું તમારી રક્ષા નહીં કરી શકું." શંકર ભગવાને પણ એમ જ કહ્યું. દુર્વાસા વિષ્ણુ પાસે પહોંચ્યા.

વિષ્ણુ બોલ્યા, "મુનિરાજ! હવે આપનું રક્ષણ હું નહીં કરી શકું. અંબરીષ જ રક્ષણ કરી શકશે." દુર્વાસા મુનિ અંબરીષની પાસે આવ્યા. અને ક્ષમા માંગી.

અંબરીષ બોલ્યા, "હું તમારી રાહ જ જોતો હતો. હવે ભોજન કરવા પધારો." દુર્વાસા મુનિએ ભોજન લીધું. આશીર્વાદ દઈને એ પોતાના આશ્રમમાં ગયા.



# ૧૯. રંતિદેવની કથા

ભરત રાજાના વંશમાં રંતિદેવ નામનો દાનેશ્વરી રાજા થઈ ગયો. એ રાજા હતો પણ રાજસિંહાસન ઉપર બેસતો નહીં. એના રાજ્યમાં કોઈ કાયદો નહોતો. પોલિસ કે સૈન્ય નહોતું. રાજ્યની તિજોરીમાંથી રંતિદેવ પોતાના કુટુંબને માટે એક રાતી પાઈ પણ વાપરતો નહોતો. દૈવની ઇચ્છાથી જે કંઈ મળે એનાથી પોતાનું ગુજરાન ચલાવતો.

રંતિદેવ ભગવાનનો ભક્ત હતો. એક વાર એણે અડતાલીસ દિવસના નિર્જળા ઉપવાસ કર્યા. ઓગણપચાસમા દિવસે કોઈ એને માટે સવારમાં દૂધપાક, કંસાર, ઘી અને પાણી લઈને આવ્યું. રંતિદેવ પોતાના પરિવારની સાથે પારણાં કરવા બેસતો હતો ત્યાં એક બ્રાહ્મણ અતિથિ આવી પહોંચ્યો.

રંતિદેવે એનો સત્કાર કર્યો. પ્રેમથી એને જમાડ્યો અને એના ગયા પછી પોતે ભોજન કરવા બેઠો ત્યાં એક શૂદ્ર આવ્યો. રંતિદેવે એને પણ પ્રેમપૂર્વક જમાડ્યો.


ત્યારબાદ રંતિદેવ જમવા બેસતો હતો ત્યાં એક શિકારી એનાં કૂતરા સાથે ત્યાં આવી પહોંચ્યો. રંતિદેવે જે બચ્યું હતું એ બધું એને પિરસી દીધું.

હવે માત્ર એક જ વ્યક્તિ પી શકે એટલું પાણી બચ્યું હતું. એટલા પાણીથી પારણાં કરવા રંતિદેવ તૈયાર થયો ત્યાં એક માણસ આવ્યો અને કહેવા લાગ્યો, "હે રાજા, હું ચાંડાલ છું. મને બહુ તરસ લાગી છે. પાણી વગર મારો જીવ જાય છે."

આ દીનહીન માણસને જોઈને રંતિદેવનું હૃદય પિગળી ગયું. એના મોંમાંથી ઉદ્ગાર સરી પડ્યા, "હે પ્રભુ ! મારે સંસારનાં સુખ નથી જોઈતાં. રાજ્ય નથી જોઈતું. સ્વર્ગ પણ નથી જોઈતું. મોક્ષ પણ નથી જોઈતો. દીનદુખિયાંને જીવાડવા મારે મારા પ્રાણ આપવા પડે એમાં જ મને સંતોષ મળશે." આમ કહીને રંતિદેવે પોતાની પાસે જે જળ હતું એય પેલાને આપી દીધું.

આ સમયે બ્રહ્મા વગેરે દેવતાઓ રંતિદેવ સામે આવીને ઊભા રહી ગયા. અને બોલ્યા, "તારી પાસે આવેલા બધા જ અતિથિઓ ભગવાનનાં સ્વરૂપ હતાં અને બધા તારી પરીક્ષા કરવા જ આવ્યા હતા. પ્રભુ તારું કલ્યાણ કરશે."

રંતિદેવે બંને હાથ જોડી, માથું નમાવી સૌને પ્રણામ કર્યાં.



# ૨૦. સત્યવાદી હરિશ્ચંદ્ર

હરિશ્ચંદ્ર રાજા સત્યવાદી હતા. તેઓ કદી જૂઠું બોલતા નહીં. ખોટું કામ કરતા નહીં. રાણી તારામતી પણ તેમના જેવાં જ હતાં.

ભગવાન હંમેશાં સતિયાના સતની કસોટી કરે છે. એક વાર વિશ્વામિત્ર ઋષિ હરિશ્ચંદ્રને આંગણે આવીને ઊભા રહ્યા. રાજાએ તેમને આવકાર આપ્યો, સિંહાસન ઉપર બેસાડ્યા, અને હાથ જોડીને પૂછ્યું, "મહારાજ ! આપની શી આજ્ઞા છે ?"

વિશ્વામિત્રે કહ્યું, "હું માગીશ તે તારાથી અપાશે નહીં, નકામું મારું અને તારું વચન જશે." હરિશ્ચંદ્ર : "આપને જે માગવું હોય તે માગો."

વિશ્વામિત્ર : "હું તારું આખું રાજ્ય માગું છું."

હરિશ્ચંદ્ર : "ભલે, મહારાજ !"

હરિશ્ચંદ્ર અને તારામતી ચાલતાં ચાલતાં કાશી નગરીમાં આવ્યાં. ત્યાં એક વેપારીને ઘેર તારામતી દાસી તરીકે રહ્યાં, પુત્ર રોહિતને પોતાની પાસે રાખ્યો. રાજા હરિશ્ચંદ્ર સ્મશાનના એક રખેવાળને ત્યાં નોકર તરીકે રહ્યા.

એક વાર નાનકડો રોહિત બાગમાં રમતો હતો. તેવામાં તેને સર્પ કરડ્યો. તારામતી રડવા લાગ્યાં. ઘણા ઉપાય કર્યા પણ સર્પનું ઝેર ઊતર્યું નહીં.

તારામતી રોહિતને ખભે લઈને સ્મશાને આવી. ત્યાં હરિશ્ચંદ્ર રખેવાળ તરીકે ઊભો હતો. તેણે તારામતીને ઓળખી. એ પાસે ગયો એટલે તારામતીએ રડતે અવાજે રોહિતને સર્પદંશ થવાની વાત કરી. હરિશ્ચન્દ્રનું હૈયું રડી ઉઠયું, તેમ છતાં એ બોલ્યો, "તમારા દીકરાને આ મસાણમાં દાટવા માટે દાપું ચૂકવવું પડશે."

આવું કઠોર વચન સાંભળતાં તારામતીનું હૈયું ભાંગી પડયું. પુત્રને નીચે મૂકી એ હૈયાફાટ રડવા લાગી. તેમના રુદનથી સ્મશાન કંપી ઊઠયું.

બસ, હરિશ્ચન્દ્રના સતની કસોટી પૂરી થઈ. ગુરુ વશિષ્ઠ અને વિશ્વામિત્ર તેની સામે આવીને ઊભા રહ્યા. વિશ્વામિત્રે રોહિતને પોતાની ગોદમાં લીધો. તેના શરીર ઉપર હાથ ફેરવી પોતાની મંત્રવિદ્યાથી તેને સજીવન કર્યો. રોહિત 'મા, મા' કરતો, તારામતીને વળગી પડ્યો. રાણીએ તેને છાતી સરસો ચાંપ્યો. તેની આંખોમાંથી હરખનાં આંસુ ઉભરાયાં. હરિશ્ચંદ્રે પ્રભુનો પાડ માન્યો.

હરિશ્ચંદ્રને વિશ્વામિત્ર પોતાની સાથે લઈ ગયા. તેમનું રાજ્ય પાછું સોંપ્યું. હરિશ્ચંદ્ર અને તારામતી સત્યવાદીઓના શિરોમણી તરીકે અમર બન્યાં.



# ૨૧. વસુદેવ-દેવકી

સવારમાં સૂરજ નારાયણ ઊગીને સમા થયા. એ વખતે મથુરા નગરીમાંથી એક રથ બહાર નીકળ્યો. રથને ચાર સફેદ ઘોડા જોડ્યા હતા. રથ ઘરઘરાટ જતો હતો.

મથુરાનો રાજા કંસ એ રથ હાંકતો હતો. પોતાની વહાલી બહેન દેવકીને એ સાસરે મૂકવા જતો હતો. રથમાં દેવકી અને તેના પતિ વસુદેવ બેઠાં હતાં.

બેચાર ગાઉનો પંથ કાપ્યો એવામાં કંસને આકાશવાણી સંભળાઈ. એણે રથ ઊભો રાખ્યો. અચાનક લગામ ખેંચાતાં ચારેય ઘોડાં ઘૂંટણભેર થઈ ગયા. વસુદેવ-દેવકી પડતાં પડતાં રહી ગયાં. દેવકીએ ગભરાઈને પૂછ્યું, "શું થયું ?"

કંસે કશો જવાબ ન આપ્યો. તેણે રથ પાછો વાળ્યો. મથુરા આવી એક જૂના મહેલમાં બહેન-બનેવીને કેદ કર્યાં. દરવાજાને ભોગળ ભીડી મોટાં તાળાં માર્યાં. ઉઘાડી તલવારે પહેરેગીર ઊભા રાખ્યા.

કંસના પિતા ઉગ્રસેન વૃદ્ધ હતા. તેમણે ધ્રૂજતા અવાજે પૂછ્યું, "બહેનને તેં કેદમાં પૂરી છે એ વાત સાચી, બેટા ?"

કંસ ગર્જના કરીને બોલ્યો, "હું તો એ બન્નેના કકડા કરી નાંખત. પણ બેઉ પગે પડ્યાં અને છોકરાં આપી દેવાનું કબૂલ્યું તેથી જીવતાં રહેવાં દીધાં છે."

"પણ એનું કારણ શું ?"


કંસ અકળાઈને બોલ્યો, "મને આકાશમાંથી અવાજ સંભળાયો કે દેવકીનું આઠમું સંતાન તને મારશે."

ઉગ્રસેન એ સાંભળતાં જ હસી પડ્યા અને બોલ્યા, "બેટા, એ તો તું લોકો ઉપર બહુ જુલમ કરે છે તેથી તને મનમાંથી બીક લાગ્યા કરે છે."

એટલે કંસ ખિજાયો, "તમારે આમાં વચ્ચે પડવાની જરૂર નથી."—આમ કહી એ ચાલ્યો ગયો.

કંસ જુલમગાર હતો, તેવો જ વહેમી અને ડરપોક હતો. દેવકીને બંદીખાનામાં પહેલું બાળક જન્મ્યું એના સમાચાર મળતાં જ એ કેદખાનામાં દોડી ગયો. અને રડતી બહેનના ખોળામાંથી બાળકને ખૂંચવી લીધું. વસુદેવ-દેવકીએ ઘણા કાલાવાલા કર્યા પણ કંસ મોતની બીકે સાવ રાક્ષસ બની ગયો હતો.

કંસે બહેન દેવકીનાં સાત બાળકોને મારી નાંખ્યાં.



# ૨૨. કૃષ્ણ-જન્મ

શ્રાવણ મહિનાની અંધારી આઠમ હતી. આકાશમાં મેઘલી જામી હતી. ઝરમર ઝરમર વરસાદ વરસતો હતો.

એ વખતે કૃષ્ણ ભગવાનનો જન્મ થયો. દેવકી અને વસુદેવ બાળકનું અલૌકિક રૂપ જોઈને ચકિત બન્યાં. દેવકીએ વસુદેવને ધીમેથી કહ્યું, "તમે આ બાળકને ગમે તેમ કરીને કોઈક સ્થળે સંતાડી આવો."

વસુદેવે બાળકને કપડામાં વીંટાળી એક સૂડલામાં મૂક્યો. પહેરેગીરો ભર-ઊંઘમાં હતા. વસુદેવ દરવાજે પહોંચ્યા. ધીમે રહીને ભોગળ ઉઘાડી બહાર નીકળ્યા.

મથુરાથી ત્રણ કોસ દૂર ગોકુળ ગામ હતું. તેમાં ગોવાળોના મુખી નંદરાય રહેતા હતા. વસુદેવના એ મિત્ર હતા.

નંદની સ્ત્રી જશોદાને તે જ રાતે એક દીકરી જન્મી હતી. વસુદેવે પુત્રને જશોદાના પડખામાં સુવાડ્યો. અને દીકરીને લઈને મથુરા પાછા આવ્યા.

કેદખાનામાં જઈ દેવકીના પડખામાં દીકરીને સુવાડી એવી જ તે રડવા લાગી. બાળકના રડવાનો અવાજ સાંભળતાં જ પહેરેગીરો જાગી ગયા. તેમણે તરત કંસને ખબર આપ્યા.

કંસને તો જાગતો જ પડ્યો હતો. એકદમ તલવાર લઈને દોડતો આવ્યો.

કંસને ઉઘાડી તલવારે આવેલો જોતાં જ દેવકીએ કરગરતા આવાજે કહ્યું, "ભાઈ, તેં મારા બધા દીકરાઓને મારી નાંખ્યા છે. આ એક દીકરીને જીવતી રહેવા દે. તેં સાંભળેલી આકાશવાણી સાચી હોય તોપણ તને પુત્રનો ભય છે, પુત્રીનો નહીં. વળી, આ દીકરી મોટી થશે ત્યારે તેને હું તારા દીકરા સાથે પરણાવીશ."

પરંતુ કંસ તો દેવકીના દરેક બાળકમાં કાળ ભાળતો હતો. એણે દેવકીના હાથમાંથી દીકરીને ઝૂંટવી લીધી. તેને પગેથી પકડીને પથ્થર ઉપર પછાડવા જાય છે તેવામાં એ મહાશક્તિ એના હાથમાંથી સરકી ગઈ!

એ વખતે આકાશવાણી સંભળાઈ, "ઓ પાપી! તારો મારનાર તો ક્યારનો જન્મી ચૂક્યો છે અને કોઈક જગ્યાએ મોટો થાય છે. માટે હવે આ નિર્દોષ બાળકોનો સંહાર બંધ કર."

એ સાંભળીને કંસ થર થર કંપી ઊઠ્યો.



# ૨૩. પૂતના માસી

જશોદા રાણીને દીકરો અવતર્યો, એ જાણીને ગોકુળ ઘેલું બન્યું. નંદરાયને ઘેર ગોપગોપીઓ ટોળે વળ્યાં. પોતાને જ ઘેર દીકરો જન્મ્યો હોય એટલો આનંદ સૌને થયો.

યાદવોના ગોર ગર્ગાચાર્ય નંદરાયને ઘેર આવ્યા. તેમણે જોષ જોયા, અને બાળક રંગે શ્યામળો હતો તેથી એનું નામ કૃષ્ણ પાડ્યું. એમણે ભવિષ્ય ભાખ્યું કે, "આ તમારો દીકરો આખા જગતમાં જાણીતો થશે અને અવતારી પુરુષ તરીકે પૂજાશે." એ જાણીને નંદ-જશોદા બહુ રાજી થયાં.

વસુદેવની બીજી સ્ત્રી રોહિણી નંદરાયને ઘેર રહેતી હતી. તેને પણ દીકરો આવ્યો હતો. એનું નામ પાડ્યું બળરામ. આમ કૃષ્ણ-બળરામની જોડી નંદરાજાને ઘેર મોટી થવા લાગી.

એક વાર નંદજીના આંગણે લક્ષ્મી જેવી રૂપાળી એક સ્ત્રી આવી. એ વખતે જશોદા ઘરમાં કંઈક કામ કરતાં હતાં. બહાર ઓસરીમાં ઘોડિયાની અંદર કૃષ્ણ સૂતા હતા.

એ બાઈ તો બેધડક ઓસરીમાં ચડી. ઘોડિયામાંથી કૃષ્ણને ખોળામાં લીધા, અને ધવડાવવા લાગી. એ બાઈએ છાતીએ ઝેર ચોપડ્યું હતું એટલે કૃષ્ણને દૂધ કડવું લાગ્યું. એટલે એણે તો જોરથી દાંત બેસાડ્યા. બાઈ તો ચીસ નાખીને ચત્તી-પાટ પડી ગઈ.

જશોદા હાંફળાં હાંફળાં દોડી આવ્યાં. કૃષ્ણને એકદમ તેડી લીધા. બાઈનો ચહેરો તો ભયંકર બની ગયો હતો. તેના ડોળા ઊંચા ચડી ગયા હતા. બાઈની ચીસો સાંભળીને આસપાસથી ગોપીઓ દોડી આવી.

કંસે નાનાં બાળકોને મારવા મોકલેલી એ પૂતના નામની રાક્ષસી હતી. કૃષ્ણે એના પ્રાણ ચૂસી લીધા હતા.

જશોદા તથા ગોવાળણે કૃષ્ણના માથા ઉપર ગાયનું પૂછડું ફેરવ્યું, માથે થી મીઠું ઉતારીને નજર બાંધી. વસુદેવે નંદરાજાને બાળકને સાચવવાનું કહ્યું હતું તે વાત સાચી લાગી અને હવે તેઓ કૃષ્ણની ખાસ સંભાળ રાખવા લાગ્યા.



# ૨૪. શકટાસુર અને પવનાસુર

ગોકુળથી થોડે દૂર જમના નદીને કિનારે નંદરાયની એક વાડી હતી. એક વાર ત્યાં સૌ ઉજાણીએ ગયાં. ગોપગોપીઓ પોતપોતાનાં ગાડાં જોડીને વન-ભોજન માટે ચાલ્યાં. સૌના હરખનો પાર નથી.

નાનકડા કૃષ્ણને ગાડાની ઊધ નીચે ઝોળીમાં સુવાડ્યો. જશોદા બીજી ગોપીઓ સાથે રાંધવાની ધમાલમાં પડ્યાં.

આ બાજુ કૃષ્ણ ઝોળીમાં પગ ઉછાળવા લાગ્યા. સૌ પોતાના કામમાં પડેલાં તે કોણ તેડે ? કૃષ્ણે તો રીસમાં આવીને એવો ઉછાળો માર્યો કે ગાડાની ઊધ ઊંચી થઈ ગઈ. ગાડમાં દૂધ-દહીંનાં ભરેલાં માટલાં પડ્યાં હતાં તે ફૂટી ગયાં. તેનો મોટો અવાજ થયો. એટલે જશોદા તથા ગોપીઓ ત્યાં દોડી આવ્યાં.


જશોદાએ તો રડતા કૃષ્ણને તેડી છાતીએ ચાંપ્યા, ઘણી વારે તે છાના રહ્યા. આસપાસ રમતા છોકરાઓને પૂછ્યું કે, "કાનુડાને શું થયું ?" એ છોકરાઓ હસતાં હસતાં કહે "મા, એ કાનુડાયે જ જોરથી પાટુ મારીને ગાડું ઊંધું પાડી દીધું છે."

પણ જશોદાજીના મનમાં થયું કે છોકરાને કંઈક નડતર છે. તેથી તેમણે બ્રાહ્મણોને બોલાવી શાંતિપાઠ કરાવ્યા.

એક વાર જશોદાજી કૃષ્ણને તેડીને ઘરના આંગણામાં બેઠાં હતાં. એવામાં મોટો જબ્બર વંટોળિયો આવ્યો. કૃષ્ણ તો ખોળામાંથી નીચે પડી ગયા. જશોદામા ગભરાઈ ગયાં. ધૂળની એવી તો ડમરી ચડી કે આકાશમાં ધૂમસ છવાઈ ગયું. ધૂળથી આંખો ભરાઈ ગઈ. આખા ગોકુળમાં વંટોળિયો છવાઈ ગયો. કેટલાંય ઝાડ ઊખડી ગયાં. ગોપગોપીઓ રઘવાયાં થતાં જશોદામાને ઘેર આવ્યાં. સૌને કાનુડાની ચિંતા હતી.

ઘણી વારે પવન શાંત પડ્યો. ડમરી શમી. આકાશ સ્વચ્છ થયું. જશોદામા જુએ તો કૃષ્ણ બેઠા બેઠા હસે છે. એને તો જાણે કશાની બીક જ નથી. જશોદામાએ તરત એમને તેડી લીધા. બાધાઆખડી રાખી. જશોદાજીએ નંદરાજાને કહ્યું કે, "તમે આ છોકરાનું કંઈક કરો. એને માથે બહુ ઘાત છે. કોઈ મંત્ર જાણનારને બોલાવી, ભુવાને બોલાવી દાણા જોવડાવો." બીજી ગોવાળણોએ પણ કહ્યું કે, "હા નંદબાપુ ! તમે કાનુડાની રક્ષા કરો. એની ઉપર દૈવ કોપ્યો છે."

નંદરાયને આવે વખતે વસુદેવની વાત યાદ આવતી. એમણે કાનમાં કહેલું કે, "કંસ એને જીવતો રહેવા નહીં દે. તમે ખૂબ સંભાળ રાખજો." એથી તેઓ સાવચેત બન્યા.



# ૨૫. મસ્તીખોર કાનજી

શ્રીકૃષ્ણ પાંચ છ વરસના થયા. એમનાં તોફાન વધી ગયાં.

ગોવાલણો ગાય દોહવા બેસતી હોય તે પહેલાં વાછરું છોડી મૂકે. એમના ઘરમાં છાનામાના ઘૂસી જાય. તેમનાં દૂધ, દહીં ખાઈ જાય. શીંકા ઉપરથી દોણાં ઉતારીને ઢોળી-ફોડી નાખે. સાથીદાર છોકરાઓને તથા ઝાડ ઉપર બેઠેલાં માંકડાંઓને પણ દહીં-દૂધ ખવડાવી દે.

સાંજ પડે ત્યાં જશોદાજી પાસે ગોવાલણોની ફરિયાદો આવે. જશોદામા મનમાં મલકાય, પણ ઉપરથી ખિજાઈને કાનુડાને ધમકાવીને કહે, "જો કાનુડા, હવે તું નાનો નથી. આવી મસ્તી કરશે તો તને ઘરમાંથી કાઢી મૂકીશ."

માનાં આવાં વેણ સાંભળતાં જ કાનુડો પણ એકદમ ગુસ્સામાં આવી જતો, અને માતાજીને કહી દેતો કે, "અમારો કશો જ વાંક નથી. એ બધી ગોવાલણો જૂઠી છે." પોતે વાછરું ચરાવવા જતા હોય તે એકદમ ખભેથી કામળી ઉતારીને તેનો ઘા કરી દે, લાકડી ફેંકી દે. અને માને કહે કે, "આ તારી લાકડી ને આ તારી કામળી. હવેથી હું વાછરું ચરાવવા જવાનો નથી. બધાં અમારો જ વાંક કાઢે છે." આમ તે ખોટું ખોટું રિસાઈ પણ જતા.

પછી માતા જશોદા એમને મનાવે. બાથમાં લઈને ઘરમાં લઈ જાય. માથે અને પીઠ ઉપર હાથ ફેરવે, અને કહે, "મારો કાનુડો તો બહુ ડાહ્યો છે, બધી ગોવાલણો જૂઠી છે."

જમનાકિનારે કૃષ્ણ વાછરું ચરાવવા જાય. ત્યાં ખૂબ મજા કરે. એમના જેવડા બાળકોને કૃષ્ણ બહુ વહાલા લાગે. આખો દિવસ બધા છોકરાઓ સાથે ને સાથે જ રહે. બપોરે સૌ ખાવા બેસે ત્યારે બધાના ભાત એકઠા કરે. વચ્ચે કાનુડો અને ફરતા ગોપબાળો ખાવા બેસે.

એ રીતે કૃષ્ણ-બળરામ ગોકુળમાં મોટા થવા લાગ્યા. કંસના ઉત્પાત તો ચાલુ જ હતા. તેથી નંદરાજાએ ગોવાળોને એકઠા કરી કહ્યું, "આપણે હવે આ જગ્યા છોડી વૃંદાવનમાં જઈએ. અહીં કાનુડા ઉપર ઘણી ઘાત ગઈ છે."

સૌએ નંદરાજાની વાત કબૂલ કરી.



# ૨૬. નાગદમન

વૃંદાવનમાં ગોવાળોને અને ગાયોને ગોકુળ કરતાંય વધારે આનંદ આવ્યો. જમનાકિનારે મજાનું હરિયાળું ઘાસ, ગોવર્ધન પર્વતની તળેટીમાં રહેવાનું ને ફરવાનું. ત્યાં ગોવાળોએ પોતાના નેસડા બાંધ્યા. વાંસ અને માટીની દીવાલો, નેતરનાં છાજ, ઓરડા ને ઓસરીમાં છાણથી લીંપીને ઓળીપા કર્યા. દીવાલ ઉપર ચિતરામણ કર્યાં.

કૃષ્ણ-બળરામ હવે મોટા થયા. વાછરું ને બદલે ગાયો ચરાવવા જાય છે. ગોવાળોને પોતાનાં બાળકો કરતાંય વધારે વહાલા લાગે છે.


વૃંદાવન પાસે જમના નદીના ધરામાં કાલિય નામનો એક ઝેરી નાગ રહેતો હતો. કિનારાનાં ઝાડ ઉપરનાં પંખીઓને એ પોતાના ફૂંફાડાથી નીચે પાડતો અને મારી ખાતો. ગોવાળિયાઓ અને ગાયો પાણી પીવા તેને કરડતો. એના ત્રાસથી સૌ ભયભીત બની ગયાં.

કૃષ્ણ-બળરામે એને એક વાર ધરામાંથી બહાર નીકળતો જોયો. લાંબો કાળોતરો નાગ. કૃષ્ણે બળરામને કહ્યું, "મોટાભાઈ, આ કાલિય નાગ જોયો ? પશુ, પંખી, માણસ સૌને એ ત્રાસ આપે છે. આપણે એને નસાડી મૂકવો જોઈએ, નહીં તો પછી પૂરો કરીએ." બળરામ કહે, "બરાબર છે."

કૃષ્ણ-બળરામ ગાયો ચરાવવા જમનાને કિનારે આવ્યા. બળરામ એક મોટો ગેડો લઈ ને ધરાને કાંઠે ઊભા રહ્યા. કૃષ્ણે ધોતિયાનો કચ્છો ભીડ્યો, પાસેના કદંબના ઝાડ ઉપર ચડ્યા. ત્યાંથી ધરાના ઊંડા પાણીમાં ભૂસકો માર્યો. નાગ તો એકદમ ફૂંફાડો મારીને સામે ધસ્યો.

કૃષ્ણના હાથમાં કાળું નેતરું હતું. એ નાગની ફેણ ઉપર ઝાપટ્યું, નાગ ગુસ્સે થઈ કરડવા ધસ્યો. કૃષ્ણે ઉપરાઉપરી નેતરાં મારવા માંડ્યાં. ફૂંફાડાની પરવા કર્યા વિના ઝપટ કરીને કૃષ્ણે એની ફેણ પકડી લીધી. નેતરાં મારીને એના મંકોડા ઢીલા કરી નાંખ્યા.

કાલિય નાગ સાથે કૃષ્ણ લડે છે એ વાત સાંભળીને નંદ, જશોદા અને ગોપ-ગોપીઓ નદીકિનારે દોડી આવ્યાં. એમના મનમાં તો બીક પેસી ગયેલી કે કાનુડાને નાગ મારી નાખશે પણ આવીને જુએ તો કૃષ્ણે નાગને નેતરાથી નાથીને જળમાં ફેંકી દીધો હતો. તે દિવસથી કાલિય નાગનો ડર હંમેશને માટે દૂર થયો. કૃષ્ણના પરાક્રમની વાતો વૃંદાવનમાં કેટલાય દિવસ સુધી ચાલ્યા કરી.



# ૨૭. રાસલીલા

ગોવર્ધન પર્વત ઉપર દર વરસે શરદ-પૂનમનો મેળો ભરાતો. આસપાસનાં ગામોનાં હજારો લોક એ મેળામાં એકઠાં થતાં. ગોવાળોનો એ મોટામાં મોટો ઉત્સવ ગણાતો. નંદરાય અને જશોદાજીના હરખનો પાર ન હતો. બળદેવ પણ નવાં કપડાં પહેરીને મેળામાં જવા તૈયાર થયા.

કોઈ ગાડાં જોડીને, કોઈ ઘોડે બેસીને તો કોઈ પગપાળા મેળામાં પહોંચ્યા. આખો દિવસ ખાવાપીવામાં, રમવામાં ચાલ્યો ગયો. રાતે ચાંદો ઊગ્યો. ચાંદની ખીલી એટલે એ અજવાળી રાતે કાનુડાની મીઠી વાંસળીના સૂર સંભળાયા. કૃષ્ણની બંસી સાંભળીને ગોકુળ ગાંડું થતું ગોપગોપીઓ ઘેલાં બનતાં. ગાયો ટોળે વળતી.

એમાં એક ગોવાળિયાએ ઢોલક લીધું. એ વચ્ચે બેઠો. ફરતાં ગોપગોપીઓ કૂંડાળામાં ગોઠવાઈ ગયાં, અને રાસ ઉપાડ્યો.

આશા ભર્યાં તે અમે આવિયાં ને
મારે વહાલે રમાડ્યા રાસ રે
આવેલ આશા ભર્યાં.

શરદ પૂનમની રાતડી ને
કાંઈ ચાંદો ચડ્યો આકાશ રે
આવેલ આશા ભર્યાં.

ગોપીઓના પગનાં ઝાંઝર ઝમક્યાં. એના પગના ઠમકા સાથે રાસ ઊપડ્યો. કૃષ્ણ ભગવાનની મધુરી મોરલી ઉપર ગોકુળ ગાંડું બન્યું. એ રાતે રાસની ખરેખરી જમાવટ થઈ. મધરાત વીતી તોપણ ખબર ન રહી. સૌ મસ્તીમાં આવી ગયાં.


હજારો લોકો રાસ જોવા ટોળે વળ્યાં. ગોવર્ધન પર્વતનો મેળો તો દર વરસે ભરાતો પણ આ વરસે ખૂબ મજા આવી.

નરસિંહ મહેતા જેવા ભક્તરાજે એનું સરસ વર્ણન કર્યું છે :

"ધન્ય વૃંદાવન, ધન્ય એ લીલા, ધન્ય એ વ્રજનાં વાસી રે."

આજે પણ ગુજરાતને ગામેગામ શરદ-પૂનમની અજવાળી રાતે કૃષ્ણ ભગવાનની એ બાળલીલાનો આનંદ ઊજવાય છે. રાસ-મંડળીઓ ગરબી ગાય છે :

ક્હાન તારી મોરલીએ જી રે, ગરબે ઘેલો કીધો,
મધરાતની જી રે વાંસલડી ક્યાં રે વાગી.



# ૨૮. મથુરાગમન

એક વાર સાંજને વખતે નંદરાજાને આંગણે એક રથ આવીને ઊભો રહ્યો. એવો સુંદર રથ વૃંદાવનમાં કોઈ દિવસ આવ્યો ન હતો. જોતાં જ ગોપગોપીઓ ટોળે વળ્યાં. રથમાંથી ઊજળાં કપડાં પહેરેલા અક્રૂરજી ઊતર્યા. વસુદેવના એ નજીકના ભાઈ થતા હતા.

નંદરાજા અક્રૂરને ઓળખતા હતા. તેમને હેતથી ભેટ્યા અને ઘરમાં તેડી લાવ્યા, વસુદેવ-દેવકીનાં કુશળ જાણ્યાં અને એકાએક આવવાનું કારણ પૂછ્યું.

અક્રૂરજીએ કહ્યું, "કંસરાજા મોટો ધનુર્યાગ કરે છે. તેમાં આખા રાજ્યના જુવાનોને તેમણે તેડાવ્યા છે. રમતગમતના ખેલ થવાના છે. તમારા બન્ને પુત્રોને લઈ જવા હું ખાસ આવ્યો છું." નંદજીના મનમાં ઊંડો ધ્રાસકો પડ્યો. એમને ચિંતા પેઠી કે 'કંસ કંઈક દગો કરશે તો ?' નંદજી આવા વિચારથી ઉદાસ બની ગયા.


કૃષ્ણ પિતાના મનની મૂંઝવણ કળી ગયા. હવે તેઓ ઉંમરલાયક થયા હતા. કંસનાં ત્રાસની વાતો તેમણે સાંભળી હતી. એટલે નંદજીને તેમણે કહ્યું, "બાપુ ! તમે મૂંઝાશો નહીં. આવા મેળાવડામાં જવાની અમને હોંશ છે. નવી દુનિયા જોવા મળશે. રમતગમતમાં અમે અમારું પાણી બતાવી દઈશું. તમારું નામ ઊજળું કરીશું. તમે કોઈ વાતે ગભરાતા નહીં."

આમ કૃષ્ણે નંદજીને શાંત પાડ્યા, એટલે તેમણે કૃષ્ણ-બળદેવને મથુરા જવાની રજા આપી. જશોદાજી તો વાત સાંભળી ત્યારથી તદ્દન ઢીલા થઈ ગયાં હતાં. તેમને કૃષ્ણે પ્રેમથી સમજાવી દીધાં. રાતોરાત તૈયારી થઈ ગઈ.

સવારમાં આખા વ્રજમાં વાયુવેગે વાત પ્રસરી ગઈ કે 'સાંજે આવેલ રથ તો કૃષ્ણ-બળદેવને મથુરા લઈ જાય છે. સાંભળતાં જ ગોપગોપીઓ નંદજીને આંગણે ટોળે વળ્યાં. સૌ માંહોમાંહે પૂછવા લાગ્યાં કે, "કૃષ્ણને કોણ તેડવા આવ્યું હશે ? શા માટે તેડી જતા હશે ? કૃષ્ણ-બળદેવ પાછા ક્યારે આવશે ?"

શ્રીકૃષ્ણે સૌને મળી લીધું, પછી કહ્યું, "અમે તો મેળો જોવા જઈએ છીએ. તરત જ પાછા આવતા રહીશું. તમે જશોદામા અને નંદબાપુની સંભાળ લેજો."

માબાપને પગે લાગી કૃષ્ણ-બળદેવ રથમાં બેઠા. રથ ચાલી નીકળ્યો. ભાગોળ સુધી સૌ વળાવવા ગયાં. રજ ઊડતી દીઠી ત્યાં સુધી નીરખી રહ્યાં. નંદ-જશોદા અને ગોપગોપીઓ ઉદાસ બની ગયાં. જાણે વ્રજનો પ્રાણ ચાલ્યો ગયો.



# ૨૯. માબાપની ઓળખાણ

મથુરા જતાં રસ્તામાં એક સુંદર વાડી આવી. અક્રૂરે ત્યાં રથ છોડાવ્યો. ઘોડાને વિસામો આપ્યો. એક વડલાની છાયામાં કૃષ્ણ-બળદેવ આરામ કરવા બેઠા. એ વખતે અક્રૂરે એકાંતમાં વાત કરતાં કહ્યું, "વસુદેવ મારા પિતરાઈ ભાઈ થાય. તમે બન્ને તેના દીકરા છો. કંસ તમને મારી નાંખશે એવી બીકથી તમને નંદને ઘેર છુપાવી રાખ્યા હતા. તમારાં માતા દેવકીના બધા પુત્રોને કંસે મારી નાખ્યા છે. આ મેળાવડો કરવામાં પણ કંસનો કોઈ એવો જ દુષ્ટ હેતુ છે. માટે તમે સાવચેત રહેજો."

અક્રૂરની વાત સાંભળીને કૃષ્ણે કહ્યું, "કાકા તમે કહો છો તે વાત અમે સાંભળી હતી. અમને પણ આવો વહેમ હતો. પણ તમે એની ચિંતા ન કરશો. અમે મામાને પહોંચી વળીશું."

કૃષ્ણની હિંમતભરેલી વાતો સાંભળીને અક્રૂરને નિરાંત થઈ. થોડી વાર આરામ લઈ સૌ મથુરા તરફ રવાના થયા.


મથુરામાં મેળાની ધમાલ ચાલતી હતી. આસપાસનાં ગામોમાંથી હજારો સ્ત્રીપુરુષો એકઠાં થયાં હતાં. બજારમાં ચાલવાનો માર્ગ ન હતો, તેથી કૃષ્ણે કહ્યું, "કાકા, રથ અહીં ઊભો રખાવો. અમે ચાલતા જઈશું."

અક્રૂરે રથ ઊભો રખાવ્યો.

અક્રૂરે બંને ભાઈઓને પોતાને ઘેર આવવા આગ્રહ કર્યો. પણ કૃષ્ણે કહ્યું, "કાકા, અમારાં માબાપને બંધનમાંથી છોડાવ્યા પછી જ બીજે જવું એવો અમે નિશ્ચય કર્યો છે."

આમ કહી બંને ભાઈઓ રથમાંથી નીચે ઊતર્યા. અક્રૂરજીને પગે લાગી છૂટા પડ્યા.

કૃષ્ણને પોતાનાં સાચાં માબાપ કોણ છે તેની ખબર પડી હતી. ત્યારથી તેઓ તેમને કેદમાંથી છોડાવવા અધીરા બન્યા હતા.



# ૩૦. ધનુર્યાગ

શ્રીકૃષ્ણ-બળદેવ ધનુર્યાગ તરફ ચાલ્યા. રસ્તામાં એક ધોબીની દુકાન આવી. તેની પાસેથી શ્રીકૃષ્ણે સરસ ધોયેલાં કપડાં લીધાં.

આગળ જતાં એક માળીની દુકાન આવી. ત્યાંથી સુગંધી ફૂલોની માળાઓ લઈને પહેરી. થોડા દૂર ગયા ત્યાં એક સ્ત્રી અગરચંદનના લેપનો થાળ લઈ જતી હતી. એનું મુખ રૂપાળું હતું, પરંતુ તે ત્રણ જગ્યાએ વળેલી હતી. તેથી તેને સૌ કૂબડી-કુબ્જા કહેતા.

શ્રીકૃષ્ણે તેને પૂછ્યું, "તમે આ કોના સારુ લઈ જાઓ છો ?"

કુબ્જા કહે, "હું કંસ રાજાની દાસી છું. તેમને માટે આ લઈ જાઉં છું. પણ તમારે જોઈએ તો આમાંથી ચંદનનો લેપ લઈ શકો છો."

એટલે તેની પાસેથી બંને ભાઈઓએ સુગંધી અગરચંદનનો લેપ લીધો, કૃષ્ણે એના જમણા પગનો અંગૂઠો દબાવી, જમણા હાથે તેની હડપચી પકડી તેને ઊંચી કરી ત્યાં એનાં અંગ છૂટાં પડી ગયાં. એ જોઈને સૌ ભારે નવાઈ પામ્યા. કુબ્જાએ હાથ જોડીને કહ્યું, "તમે બેઉ ભાઈ મારે ઘેર ચાલો."

કૃષ્ણે કહ્યું, "અમારું કામ પૂરું કરીને તમારે ઘેર આવીશું."

પછી બંને ભાઈઓ ધનુર્યાગ થવાનો હતો એ ચોગાનમાં આવ્યા. યજ્ઞનું મોટું ધનુષ ત્યાં પડેલું હતું. એ જોવા માટે કુતૂહલથી કૃષ્ણ એની નજીક જવા ગયા. તેવામાં યજ્ઞનો પૂજારી ઊભો થયો, એણે બૂમ મારી, "એય ગોવાળો, આઘા રહો. અમારી યજ્ઞવેદી અભડાઈ જશે."

આ સાંભળીને કૃષ્ણ બોલ્યા, "કોઈ પણ માણસના અડકવાથી અભડાઈ જાય એવી તે તમારી વેદી કેવી ?" આમ કહેતાં કૃષ્ણ સીધા ધનુષ પાસે ગયા. જબરદસ્ત ધનુષને રમકડાની પેઠે તેમણે ઉપાડી લીધું, અને ઘૂંટણ સાથે ભરાવીને શેરડીનો સાંઠો ભાંગે તેમ એના કકડા કરી નાંખ્યા.

પૂજારીઓએ બુમરાણ મચાવ્યું. રખેવાળો દોડી આવ્યા. કૃષ્ણ-બળદેવે એમને ધનુષના ટુકડા વડે જ મારી મારીને નસાડી મૂક્યા.

કંસના જુલમી અધિકારીઓને આ રીતે મારીને હાંકી કાઢનાર બહાદુર જુવાનો ઉપર લોકોને ખૂબ હેત ઊપજ્યું, અને તેમણે તાળીઓથી એમને વધાવી લીધા.



# ૩૧. કુવલયાપીડ હાથી


કૃષ્ણનાં પરાક્રમની વાતો મથુરા નગરીમાં વાયુવેગે પ્રસરી ગઈ. સાંજ પડતાં બન્ને ભાઈઓ ઉતારે જઈ સૂઈ રહ્યા.

કંસને તેના છૂપા જાસૂસોએ બધા સમાચારો આપ્યા. એટલે તે ખૂબ ગભરાઈ ગયો. લોકોએ કૃષ્ણને આદરમાન આપ્યાં, પ્રેમભાવ બતાવ્યો, એ જાણીને એના મનમાં ખૂબ ચિંતા પેઠી. એને આખી રાત ઊંઘ ન આવી.

સવારમાં કૃષ્ણ-બળદેવ તૈયાર થઈને રમતગમતના અખાડામાં આવ્યા. ત્યાં મલકુસ્તીના દાવ ખેલવાના હતા. એ જોવા માટે માણસોની મેદની મળી હતી. કંસરાજા અને તેના પ્રધાનો ઊંચા આસને બેઠા હતા.

અખાડાના દરવાજા ઉપર એક મદ-ઝરતો માતંગ ઊભો રાખવામાં આવ્યો હતો. એને દારૂ પાઈને ગાંડો કર્યો હતો. કૃષ્ણ-બળદેવને જોતાં જ, તેના મહાવતે હાથીને એમની ઉપર છોડી મૂક્યો.

લોકો નાસભાગ કરવા લાગ્યા, પણ કૃષ્ણ-બળદેવ શાંતિથી ઊભા રહ્યા. જેવો હાથી પાસે આવ્યો કે બળદેવે એની સૂંઢને બાથ ભીડી લીધી. અને કૃષ્ણ પાછળથી એનું પૂંછડું પકડીને ઉપર ચડી ગયા. તેમણે મહાવતના હાથમાંથી અંકુશ ઝૂંટવી લીધો અને તેને નીચે ફેંકી દીધો. શ્રીકૃષ્ણ હાથીના કુંભસ્થળમાં જોર જોરથી અંકુશ મારવા મંડ્યા. હાથી ચીસો નાંખતો આમથી તેમ ઘૂમવા માંડ્યો. બળદેવને સૂંઢનો ઝાટકો મારીને દૂર ફેંકી દીધા, અને દંતૂશળથી મારવા ધસ્યો. બળદેવ એકદમ બાજુ ઉપર ખસી ગયા. પછી એ હાથીને એના દંતૂશળ વડે જ બન્ને ભાઈઓએ પૂરો કર્યો.



# ૩૨. બે મલ્લને માર્યા

કૃષ્ણ-બળદેવ લોહી ટપકતા દંતૂશળ ખભે રાખીને અખાડામાં દાખલ થયા. એ વખતે એમનો ચહેરો વિકરાળ બની ગયો હતો. કંસ દૂરથી એમને જોઈ રહ્યો. એણે પોતાના મલ્લોને હુકમ કર્યો કે, "એ છોકરાઓને પૂરા કરો." એ સાંભળીને ચાણૂર અને મુષ્ટિક નામના બે મલ્લ સામે આવ્યા. અને બન્ને ભાઈઓને પડકારીને ઊભા રહ્યા.

શ્રીકૃષ્ણે ચાણૂરને હસતાં હસતાં કહ્યું, "અમે તો નાના બાળક છીએ, તમે આવડા મોટા મલ્લ, તમારી સાથે અમે કુસ્તીદાવમાં કેમ પહોંચીએ ?"

એટલે ચાણૂર બોલ્યો, "તમે બાળક નથી, તમે કિશોર પણ નથી. મહા-બળવાન હાથીને તમે રમત વાતમાં મારી નાંખ્યો છે. એટલે તમારે અમારી સાથે મલ્લયુદ્ધ કરવું પડશે. કંસ રાજાએ એટલા માટે તો આ મેળાવડો ગોઠવ્યો છે."

ચાણૂરનાં આવાં વચન સાંભળી કૃષ્ણે એકદમ સાથળ ઠબકાર્યો અને કહ્યું, "તારા રાજાનો હુકમ છે તો આવી જા." આમ કહી શ્રીકૃષ્ણે મલ્લને બાથ ભીડી લીધી. એ જ વખતે બળદેવજી મુષ્ટિકની સાથે કુસ્તીદાવ ખેલવા લાગ્યા. હજારો લોક જોઈ રહ્યા છે. કૃષ્ણ-બળદેવ બન્ને મલ્લોની સાથે જીવલેણ બાથંબાથ કરવા લાગ્યા.

મલ્લયુદ્ધ જોવા એકઠી થયેલી મેદની અંદરોઅંદર વાતો કરવા લાગી કે, "કંસ રાજાનો આ અધર્મ થાય છે. આવડા નાના છોકરાઓ સાથે આવા મોટા મલ્લ લડે એ અન્યાય છે." સ્ત્રીઓનાં હૈયાં કંપવા લાગ્યાં. કૃષ્ણ-બળદેવની રક્ષા કરવા માટે તેઓ પ્રભુને પ્રાર્થના કરવા લાગી.

આખરે શ્રીકૃષ્ણે ચાણૂરને બે પગેથી પકડી, માથા ઉપર ફેરવ્યો અને જમીન ઉપર પછાડીને મારી નાખ્યો. એ જ વખતે બળદેવે મુષ્ટિકને પૂરો કર્યો. ત્યારે આખો મંડપ લોકોના હર્ષનાદથી ગાજી ઊઠ્યો.



# ૩૩. કંસવધ

મહાબળવાન મલ્લોને કૃષ્ણ-બળદેવે મારી નાંખ્યા એ જોતાં જ કંસ ગભરાઈ ગયો. અને એકદમ મોટે અવાજે બરાડા પાડવા લાગ્યો, "એ વસુદેવના છોકરાઓને મથુરામાંથી હાંકી કાઢો. નંદને અને ગોવાળિયાઓને લૂંટી લો. વસુદેવ-દેવકીને ઠાર કરો. મારા બાપ ઉગ્રસેનને મારી નાંખો."

આમ ગાંડાની માફક કંસ બૂમબરાડા પાડવા લાગ્યો. એટલામાં શ્રીકૃષ્ણ એકદમ તેના માંચડા ઉપર ચડી આવ્યા. એમને જોતાં જ કંસની રાડ ફાટી ગઈ. એણે તલવાર કાઢી. પણ કૃષ્ણે તેનો ચોટલો પકડીને માંચડા ઉપરથી નીચે ફેંક્યો. કંસ ઊભો થઈને નાસવા જાય છે એટલામાં શ્રીકૃષ્ણ મંચ ઉપરથી અખાડામાં કૂદી પડ્યા અને સિંહ હાથીને પકડે તેમ કંસને પકડી લીધો. કંસ બેબાકળો બની ગયો. તેનાં અંગેઅંગ કંપવા લાગ્યાં. આંખો ઊંચે ચઢી ગઈ. શ્રીકૃષ્ણે તેને જમીન ઉપર પછાડીને પૂરો કર્યો.

આખા મંડપમાં હાહાકાર મચી ગયો. કંસના ભાઈઓ કૃષ્ણને મારવા દોડ્યા. પણ બળદેવજીએ એકલે હાથે એમને ઠાર કર્યા.

મહાજુલમી રાજા કંસનો વધ થતાં આકાશમાં દેવોનાં દુંદુભિ વાગ્યાં અને કૃષ્ણ-બળરામના જયનાદથી ગગન ગાજી ઊઠ્યું.



# ૩૪. માબાપને છોડાવ્યાં

કૃષ્ણ-બળદેવ કંસને મારીને તરત જ માબાપને મળવા ચાલ્યા. કારાગૃહમાં વસુદેવ-દેવકી તેમની રાહ જોઈ રહ્યાં હતાં. કૃષ્ણને જોતાં જ વસુદેવનો હરખ ઊભરાયો. કૃષ્ણ ભગવાન પિતાને પગે પડ્યા. વસુદેવે તેમને છાતી સરસા ચાંપ્યા.

દેવકીજીને કૃષ્ણ મળ્યા ત્યારે તેમની આંખોમાંથી આંસુની ધાર ચાલી. મોટા મલ્લને મારનાર કૃષ્ણ માતાના પ્રેમ આગળ નાના બાળક બની ગયા. એમનું હૈયું પણ ભરાઈ આવ્યું.

બંદીખાનાના દરવાજા ખૂલી ગયા. સૌ રાજમહેલમાં આવ્યાં. ત્યાં દાદા ઉગ્રસેનને સૌ પગે લાગ્યાં. મથુરાના લોકોને કૃષ્ણે એકઠા કરીને કહ્યું, "હવે તમારે કોઈની બીક રાખવાની નથી. દાદા ઉગ્રસેન રાજગાદી સંભાળશે."


કંસની બીકથી મથુરા છોડીને જેઓ ચાલ્યા ગયા હતા, તેમને કૃષ્ણે પાછા બોલાવી લીધા.

નંદજી પણ હજી મથુરામાં જ હતા. તેમને બોલાવીને કૃષ્ણે કહ્યું, "બાપુ! તમે હવે વ્રજમાં જાઓ. ત્યાં જશોદામાને કહેજો કે તમે અમને બહુ લાડ લડાવ્યાં છે તે અમે કદી ભૂલીશું નહીં. ગોપગોપીઓનો પ્રેમ અમને જિંદગીભર યાદ રહેશે. અમે પાછા તમને મળવા આવીશું."

કૃષ્ણનાં આવાં વચન સાંભળીને નંદજી ઉદાસ બની ગયા. કૃષ્ણ-બળદેવને છોડીને જતાં એમનો જીવ ચાલતો ન હતો. પણ વસુદેવ-દેવકી પાસે હવે કૃષ્ણ થોડો વખત ભલે રહે એમ મન મનાવી તેઓ વ્રજમાં ગયા.

કંસના જુલમથી ત્રાસી ગયેલી પ્રજાના આનંદનો પાર ન રહ્યો. તેઓ કૃષ્ણ ભગવાનનાં દર્શન કરવા મથુરા નગરીમાં ઊમટી આવ્યા. રાજા ઉગ્રસેન સિંહાસન ઉપર બેઠા અને બાજુમાં કૃષ્ણ-બળદેવ ઊભા રહ્યા. રાજમહેલના ચોગાનમાં હજારો લોકો એકઠા થયા. એમના હરખનો પાર ન રહ્યો.

જાણે આખી પૃથ્વીનો ભાર ઊતર્યો.



# ૩૫. વિદ્યાભ્યાસ

કૃષ્ણ-બળરામ નાનપણમાં ગામડામાં ઊછર્યા હતા. તેથી તેમને ભણવાની કશી સગવડ મળી ન હતી. નંદજીને ત્યાં મોટા થયા, એટલે ક્ષત્રિયના સંસ્કાર મળ્યા ન હતા. વસુદેવે બન્ને ભાઈઓને જનોઈ આપી અને ઉજ્જૈનમાં સાંદીપનિ ગુરુને ઘેર વિદ્યાભ્યાસ માટે મોકલ્યા.

સાંદીપનિ મુનિ બહુ મોટા વિદ્વાન હતા. તેમને ત્યાં દૂર દૂરથી વિદ્યાર્થીઓ ભણવા આવતા રાય રંક સૌ સાથે ભણતા. સૌરાષ્ટ્રને સાગરકિનારેથી સુદામા નામનો એક બ્રાહ્મણ વિદ્યાર્થી પણ ભણવા આવ્યો હતો. તેમની સાથે શ્રીકૃષ્ણને ભાઈબંધી થઈ.

કૃષ્ણ-સુદામા સાથે જમે, સાથે ભણે, સાથે સૂએ, રાતદિવસ સાથે જ રહે. એક વાર ગુરુજી બહાર ગામ ગયા હતા. તે વખતે ગોરાણીમાએ કૃષ્ણ-સુદામાને સમિધ લેવા વનમાં મોકલ્યા. બન્ને જણા જંગલમાં ખૂબ દૂર નીકળી ગયા. લાકડાં કાપી ભારા બાંધ્યા. એવામાં મુશળધાર વરસાદ તૂટી પડ્યો. વીજળીના કડાકા થવા લાગ્યા. એક મોટા વડલા નીચે પછેડી ઓઢીને બન્ને જણ બેસી રહ્યા.


આ બાજુ ગુરુ સાંદીપનિ ઘેર આવ્યા. ગોરાણીને પૂછ્યું, "કૃષ્ણ-સુદામા કેમ દેખાતાં નથી ?" ગોરાણી કહે, "લાકડાં લેવા ગયા છે."

"પણ આવા વરસાદમાં શા માટે મોકલ્યા ?" ગોરાણી કહે, "એ વખતે વરસાદ ન હતો."

ગુરુને ખૂબ ચિંતા થવા લાગી. તરત તેઓ એમની શોધમાં નીકળ્યા; વરસતા વરસાદમાં વન વન ભટકીને કૃષ્ણ-સુદામાને શોધી કાઢ્યા, ઘેર લઈ આવ્યા.

ચોસઠ દિવસમાં કૃષ્ણ-બળરામ ચોસઠ વિદ્યા શીખ્યા. પછી સાંદીપનિને ગુરુ-દક્ષિણા માગવા કહ્યું. ગુરુએ તો કશું ન માગ્યું. પણ ગોરાણીએ કૃષ્ણને કહ્યું, "તમે કોઈ અવતારી પુરુષ છો. તમારી શક્તિ અલૌકિક છે. તમે મારો ખોવાયેલો પુત્ર લાવી આપો."

ગોરાણીનાં વચન સાંભળી કૃષ્ણ-બળરામ ચાલી નીકળ્યા. શોધ કરતાં તેમને ખબર મળ્યા કે સાગરતીરે રહેતો પંચજન નામનો શંખાસુર તેને ઉપાડી ગયો છે. શ્રીકૃષ્ણ ત્યાં પહોંચ્યા. શંખાસુર સાથે યુદ્ધ કરી તેને માર્યો, અને ગુરુપુત્રને લઈ આવ્યા. આ પછી વિદ્યાભ્યાસ પૂરો કરી શ્રીકૃષ્ણ-બળદેવ ઘેર આવ્યા.



# ૩૬. ઓધવજીનો સંદેશો

એક વાર સવારના પહોરમાં નંદજીના દરવાજે એક સુંદર રથ આવીને ઊભો રહ્યો. અક્રૂર કૃષ્ણને તેડવા આવ્યા ત્યારે આવો જ રથ આવ્યો હતો. એટલે ગોપગોપીઓ વાતો કરવા લાગ્યાં કે, "કૃષ્ણને તો લઈ ગયા હવે આ કોને લેવા આવ્યો હશે ?"

તેવામાં ગોપીઓએ જોયું તો ઓધવજી જમનાજીમાં સ્નાન કરીને ચાલ્યા આવે છે. પીળું પીતાંબર પહેર્યું છે, પગમાં ચાખડીઓ, ગળામાં માળા, ભગવાનના નામનું રટણ કરતા આવે છે. એ જોઈને તેમને હાથ જોડ્યા અને આવકાર આપ્યો. પછી સૌ નંદજીને ઘેર આવ્યાં. સૌ ઓધવજીની આસપાસ વીંટળાઈને બેઠાં અને કૃષ્ણના સમાચાર પૂછવા લાગ્યાં.

ઓધવજી બોલ્યા, "શ્રીકૃષ્ણે મને ખાસ અહીં મોકલ્યો છે. તેઓ તમને બધાંને ખૂબ યાદ કરે છે. એક ઘડી પણ વીસરતા નથી." આમ કહીને તેમણે બધાં મીઠાં સંભારણાં કહી સંભળાવ્યાં. નાનપણમાં શ્રીકૃષ્ણે ગોકુળમાં કેવો આનંદ કર્યો, માબાપે કેવાં લાડ લડાવ્યાં, ગોપગોપીઓએ કેવાં હેત દેખાડ્યાં, એ સાંભળતાં સૌની આંખમાં આંસુ આવી ગયાં.

ઓધવજી વ્રજમાં કેટલાય દિવસ રોકાઈ ગયા. ગોપીઓ તેમને આગ્રહ કરીને પોતાને ઘેર જમવા લઈ જાય અને કૃષ્ણના બાળપણની કેટલીયે વાતો કરે.

એ વાતો સાંભળીને ઓધવજીના મનમાં થયું કે, "આ ભલાં, ભોળાં, સાચકલાં, માયાળુ માણસો ભગવાનનાં ખરાં ભક્ત છે. વ્રજવાસીઓનો પ્રેમ, મોટા મોટા પંડિતોનાં અભિમાન ઉતારી નાંખે એવો હતો. નંદ, જશોદા અને ગોપગોપીઓ મોડી રાત સુધી ઓધવજી પાસે બેસી રહે, અને કૃષ્ણ કેવો આનંદ આપતા, કેવાં તોફાનો કરતા અને એટલી નાની ઉંમરમાં તેમણે કેવાં મોટાં પરાક્રમો કર્યાં એની વાતો કરતાં. તે સાંભળતાં ઓધવજીની આંખોમાંથી આંસુ વહેવા માંડ્યાં. એમ કરતાં ઓધવજીને જવાનો દિવસ આવ્યો. ત્યારે તો સૌ આખી રાત બેઠાં. કોઈને ઊઠવાનું મન ન થાય. સવારે ઓધવજીએ વિદાય લીધી. તેઓ નંદ-જશોદા અને ગોપગોપીઓને પગે પડ્યા અને બોલ્યા. "તમારા જેવાં ભગવાનનાં ભક્ત મેં ક્યાંય જોયાં નથી."

ઓધવજી રથમાં બેઠા. રથ ચાલ્યો. ગામની ભાગોળ સુધી સૌ વળાવવા ગયાં અને રથ દેખાયો ત્યાં સુધી પાછળ જોઈ રહ્યાં. કૃષ્ણનો સંદેશો ઓધવજી લાવ્યા તેથી જાણે કૃષ્ણ ભગવાન પોતે જ આવ્યા હોય એટલો આનંદ સૌને થયો.



# ૩૭. જરાસંધની ચઢાઈ

કંસ રાજાના મરણ બાદ તેની બે રાણીઓ રડતી રડતી પોતાના પિતા પાસે ગઈ. એમનો બાપ જરાસંધ મગધ દેશનો રાજા હતો. એ ભારે જોરાવર હતો. કંસ મરાયાના ખબરથી એ રોષે ભરાયો અને તરત જ મોટું લશ્કર લઈને મથુરા ઉપર ચઢી આવ્યો.

જરાસંધની સાગર જેવી સેના મથુરા નગરને ઘેરી વળી. નગરવાસીઓ જરાસંધનું નામ સાંભળતાં જ ગભરાઈ ગયા. જરાસંધ કંસ જેવો જ જુલમગાર હતો. તેની સામે માથું ઊંચકનાર હજારો યુવાનોને તેણે કેદમાં પૂર્યા હતા. શ્રીકૃષ્ણ જરાસંધને બરાબર ઓળખતા હતા. તેમને એનો જરા પણ ડર ન હતો. જરાસંધ જેવા અત્યાચારીઓનો નાશ કરવા માટે જ શ્રીકૃષ્ણે અવતાર લીધો હતો.

શ્રીકૃષ્ણ અને બળદેવ, બન્નેએ રથ તૈયાર કર્યા. કવચ ધારણ કર્યાં. હથિયાર સજ્જ કરીને બન્ને ભાઈઓ જરાસંધની સામે લડવા ચાલ્યા. સામેથી જરાસંધને આવતો જોતાં જ શ્રીકૃષ્ણે પોતાનો શંખ વગાડ્યો અને સિંહનાદ કર્યો.


કૃષ્ણને જોતાં જ જરાસંધ બોલ્યો, "હે કૃષ્ણ, તું હજી બાળક છે. તારા મોઢામાં તારાં માનું દૂધ ભર્યું છે. તારી સાથે લડવું મારી જેવા શૂરવીરને શોભે નહીં. આ બળદેવ કંઈક મારો બરોબરિયો ગણાય." આમ કહી જરાસંધે પોતાનો રથ બળદેવજી સામે વાળ્યો.

એટલામાં શ્રીકૃષ્ણે ધનુષ ઉપર બાણ ચડાવ્યું અને જરાસંધના સૈન્ય ઉપર તૂટી પડ્યા. એના સૈન્યમાં ગભરાટ ફેલાયો. જેમ ફાવ્યું તેમ સૈનિકો નાસવા લાગ્યા. બળદેવજીએ જરાસંધનો રથ ભાંગી નાખ્યો એટલે એ નીચે ઊતર્યો, અને ગદા લઈને સામે દોડ્યો.

બળદેવજી ગદાયુદ્ધમાં પાવરધા હતા. એટલે બન્નેનું યુદ્ધ જામ્યું. બળદેવે જરાસંધની ગદાના ચૂરા કરી નાંખ્યા. અને જરાસંધને બાથમાં ભીડી લીધો. તેને કમ્મરમાંથી પકડીને જોરથી જમીન ઉપર પછાડ્યો. બળદેવજી એને ફરીથી પકડે એ પહેલાં તો જરાસંધ જીવ લઈને નાઠો.

આ બાજુ શ્રીકૃષ્ણના ધસારાથી એનું સૈન્ય પણ નાસી છૂટ્યું.

જરાસંધના સૈન્યને હરાવીને કૃષ્ણ-બળરામ મથુરામાં આવ્યા ત્યારે નગરવાસીઓએ ભારે ધામધૂમથી એમનું સ્વાગત કર્યું. અને તેમનો 'જયજયકાર' બોલાવ્યો.



# ૩૮. કાલયવનનો નાશ

જરાસંધ હારીને પાછો ગયો પણ થોડા વખતમાં જ ફરી વાર મથુરા ઉપર ચઢી આવ્યો. શ્રીકૃષ્ણ-બળદેવે તેનો સામનો કર્યો અને નસાડી મૂક્યો.

એ રીતે સત્તર વખત જરાસંધે મથુરા ઉપર ચઢાઈ કરી. તેથી મથુરાવાસીઓને લડાઈના ત્રાસમાંથી છોડાવવા શ્રીકૃષ્ણે સૌરાષ્ટ્રને સાગરતીરે નવી રાજધાની વસાવવાનો વિચાર કર્યો. એવામાં કાલયવન નામનો રાજા મથુરા ઉપર ચઢી આવ્યો.

શ્રીકૃષ્ણ તેની સામે લડતાં લડતાં પર્વતની ગુફામાં ચાલ્યા ગયા.

કાલયવન પણ તેમની પાછળ પર્વતમાં પેઠો. ત્યાં તેણે એક મુનિને જોયા. અંધારી ગુફામાં એને થયું કે એ જ શ્રીકૃષ્ણ છે. તેથી એણે મુનિને જોરથી લાત મારી.

મુનિએ આંખો ખોલી. એનાં નેત્રોમાંથી આગ ઝરવા લાગી. એના તાપથી કાલયવન સળગી ઊઠ્યો. એ મુનિનું નામ મુચુકુંદ.

એ વખતે શ્રીકૃષ્ણ મુચુકુંદ મુનિની સામે આવીને બોલ્યા, "હે મુનિ, ધર્મની રક્ષા કરવા, અને રાક્ષસોનો સંહાર કરવા હું વસુદેવને ઘેર અવતર્યો છું. કંસ અને કાલયવન જેવા અનેક અસુરોનો મેં સંહાર કર્યો છે. તમારી ઉપર હું પ્રસન્ન થયો છું. માટે જે ઇચ્છા હોય તે વરદાન માગો."


મુચુકુંદ મુનિએ ભગવાનને પ્રણામ કર્યા અને બોલ્યા, "મને આપનાં ચરણમાં સહાય રાખો." શ્રીકૃષ્ણે તેમના માથા ઉપર હાથ મૂકી આશીર્વાદ આપ્યા.

શ્રીકૃષ્ણ પાછા મથુરા આવ્યા. તેમણે કાલયવનની સેનાનો નાશ કર્યો.

મથુરાવાસીઓ પોતાનું ધન પોઠિયા ઉપર લાદીને ગુજરાત તરફ ચાલ્યા. શ્રીકૃષ્ણ અને બળદેવ તેમની સાથે હતા. એવામાં એકાએક જરાસંધ ચડી આવ્યો. મથુરાવાસીઓને ગુજરાતના માર્ગે ચડાવી કૃષ્ણ-બળદેવ લડવા ગયા.

ભયંકર લડાઈ થઈ. લડતાં લડતાં બન્ને ભાઈઓ એક પર્વતની ગુફામાં પેસી ગયા. જરાસંધે એ પર્વતને આગ લગાડી. જરાસંધ કૃષ્ણના બહાર આવવાની રાહ જોતો બેસી રહ્યો.

શ્રીકૃષ્ણ-બળરામ તો પર્વતમાંથી ગુફામાર્ગે બીજી બાજુ બહાર નીકળી મથુરાવાસીઓને જઈ મળ્યા. અને સૌને લઈને દ્વારકા પહોંચ્યા.



# ૩૯. દ્વારકા વસાવી

મથુરાવાસીઓને લઈને બળદેવજી ચાલ્યા. આખું ગુજરાત વીંધીને સૌરાષ્ટ્રમાં સમુદ્રકિનારે પહોંચ્યા. ત્યાં શ્રીકૃષ્ણે અગાઉથી સુંદર નગરીની રચના કરી રાખી હતી. કુશળ કારીગર વિશ્વકર્માએ બનાવેલી એ નગરી જોઈને મથુરાવાસીઓ રાજી રાજી થઈ ગયા.

પહોળા રાજમાર્ગ, બવળી બજારો, ઊંચી હવેલીઓ, મજબૂત કોટકિલ્લા. ઇંદ્રની અમરાપુરી જેવી સુશોભિત નગરી શ્રીકૃષ્ણે ખડી કરી હતી.

કાલયવનનો નાશ કરીને શ્રીકૃષ્ણ દ્વારકા આવ્યા. તેમને જોઈને સૌના જીવને શાંતિ થઈ. મથુરાને વીસરી જાય તેવી સુખસગવડ દ્વારકામાં મળી તેથી સૌએ શ્રીકૃષ્ણનો આભાર માન્યો.

સૌરાષ્ટ્રને સાગર તીરે આવેલો એ પ્રદેશ ઓખા મંડળ કહેવાતો. ત્યાંનો રાજા રૈવત ભલો ને ઉદાર હતો. શ્રીકૃષ્ણે તેની સાથે દોસ્તી બાંધી. રૈવતે પણ ખૂબ પ્રેમથી કૃષ્ણ-બળરામને આવકાર આપ્યો.

રૈવત રાજાએ પોતાની કુંવરી રેવતી બળદેવજી સાથે પરણાવી. એટલે તેઓ સંબંધી બન્યા.

શ્રીકૃષ્ણની સલાહથી એ પ્રદેશને ફળદ્રૂપ બનાવવાની યોજના કરવામાં આવી રૈવતે પણ તેમાં સહાય કરી. યાદવો અને ઓખામંડળના વાઘેરોએ મળીને એ સૂકા, રેતાળ પ્રદેશમાં ફળફૂલના બગીચા બનાવ્યા. ધનધાન્ય નીપજે તેવી વાડીઓ બનાવી.

ઓખાના વાઘેરો લૂંટફાટનો ધંધો કરતા. તેઓ સારા ખેડૂતો બન્યા. યાદવો સાથે તેઓ સુખશાંતિથી સંપીને રહેવા લાગ્યા.

જરાસંધ જેવા મહાબળવાન રાજાને સત્તર વખત હરાવનાર શ્રીકૃષ્ણનું નામ આખા ભારતમાં જાણીતું થયું હતું. વસુદેવની બહેન કુંતાને હસ્તિનાપુરના પાંડુ રાજા સાથે પરણાવ્યાં. એટલે શ્રીકૃષ્ણનું નામ છેક હસ્તિનાપુર સુધી પહોંચ્યું. આખા ભારતમાં શ્રીકૃષ્ણ જુલમીઓનો નાશ કરનાર તરીકે જાણીતા થયા. મથુરાધીશ હતા તે હવે દ્વારકાધીશ બન્યા.



# ૪૦. પટરાણી રુકિમણી

વિદર્ભમાં ભીષ્મક નામે રાજા હતો. તેની પુત્રી રુકિમણીને શ્રીકૃષ્ણ ઉપર પ્રેમ હતો. પણ તેનો ભાઈ રુકિમ તેને શિશુપાળ નામના જુલમી રાજા સાથે પરણાવવા માગતો હતો. તેથી રુકિમણીએ પોતાના ગોર સાથે કૃષ્ણને ખાનગી સંદેશો મોકલાવ્યો કે, "હું તમને મનથી વરી ચૂકી છું. મારો ભાઈ મને જુલમી શિશુપાલ સાથે પરણાવે છે તો તમે આવીને મને ત્રાસમાંથી છોડાવશો."

રુકિમણીનો સંદેશો મળતાં જ શ્રીકૃષ્ણ તરત જ રથમાં વિદર્ભ પહોંચ્યા. શિશુપાલ અને જરાસંધ અગાઉથી પહોંચેલા. તેમને ખબર પડી ગયેલી કે રુકિમણી કૃષ્ણને વરવા માગે છે. એટલે તેઓ લડવા માટે તૈયાર થઈને આવેલા.

રુકિમણી તેની બહેનપણીની સાથે રાજવાડીમાં કુળદેવીનાં દર્શને ગઈ. અગાઉથી નક્કી કર્યા પ્રમાણે કૃષ્ણ ત્યાં રથ લઈને ઊભા હતા. રુકિમણી દર્શન કરીને મંદિરમાંથી બહાર નીકળી, તેવા જ કૃષ્ણ ત્યાં આવ્યા. રુકિમણીને રથમાં બેસાડી દ્વારકાને રસ્તે રથ મારી મૂક્યો.


શિશુપાલ અને જરાસંધ કૃષ્ણની પાછળ પડ્યા. શ્રીકૃષ્ણ કુંડિનપુર ગયા છે તેવા ખબર બળદેવને પડ્યા. તરત જ તેઓ યાદવોની સેના સાથે કુંડિનપુર તરફ જવા ઊપડ્યા.

બળદેવજીએ કુંડિનપુરના સીમાડા ઉપર શિશુપાલને રોકી લીધો. જબરી લડાઈ ચાલી. શિશુપાલ અને જરાસંધ જીવ લઈને નાસી છૂટ્યા. બળદેવજી એમને હરાવીને દ્વારકા પાછા ફર્યા.

આ તરફ શ્રીકૃષ્ણ રુકિમણીને લઈ ને પૂરપાટ રથ દોડાવ્યે જાય છે. એવામાં તેમની પાછળ રુકિમણીનો ભાઈ પહોંચ્યો. શ્રીકૃષ્ણે એને જોતાં જ રથ ઊભો રાખ્યો. રુકિમની સાથે તેમનું યુદ્ધ થયું. બંને જણાને લડતા જોઈ રુકિમણીનો જીવ બળતો હતો. એટલે શ્રીકૃષ્ણે રુકિમને પકડીને રથની સાથે બાંધી દીધો.

એટલામાં બળદેવજી સેના સહિત આવી પહોંચ્યા. તેમણે રુકિમને છૂટો કરાવ્યો. શ્રીકૃષ્ણને કહ્યું, "એ હવે આપણે સગો થયો છે તેથી તેનું અપમાન કરવું તે બરાબર નથી."

શ્રીકૃષ્ણ રુકિમણીને લઈને દ્વારકા આવ્યા. તેમને પટરાણી બનાવ્યાં. એમનો પુત્ર પ્રદ્યુમ્ન બહુ જ રૂપાળો હતો, તેથી સૌ તેને કામદેવનો અવતાર માનતા.



# ૪૧. જાંબુવતી રાણી

યાદવોના સેનાપતિ સત્રાજિતને સૂર્યદેવે અલૌકિક મણિ ભેટ આપ્યો હતો.

એક વાર ઉગ્રસેનની માંદગીમાં શ્રીકૃષ્ણે તેમનો રોગ દૂર કરવા મણિ માગ્યો. પણ સત્રાજિતે મણિ આપવાની ના પાડી. શ્રીકૃષ્ણના મનમાં એનું દુઃખ રહી ગયું.

એવામાં સત્રાજિતનો ભાઈ પ્રસેન શિકારે ગયેલો, ત્યાં સિંહે તેને ફાડી ખાધો. સત્રાજિતે ભરસભામાં શ્રીકૃષ્ણ ઉપર આળ મૂક્યું કે, "તમને મેં મણિ આપ્યો નહીં તેથી તમે મારા ભાઈને દગાથી મારી નખાવ્યો." એ સાંભળી કૃષ્ણને વધારે દુઃખ થયું. તેઓ પોતાની ઉપરનું આળ દૂર કરવા પ્રસેનની શોધ કરવા નીકળ્યા.

ઓખામંડળથી સાગરતીરે જતાં બરડા ડુંગરના એક ભોંયરામાં શ્રીકૃષ્ણ પહોંચ્યા. ત્યાં એક યુવાન સ્ત્રીની ડોકમાં એ મણિ હતો. કૃષ્ણે એને પૂછ્યું કે, "તમે કોણ છો?" એ સ્ત્રી કહે, "હું આ વનના રાજા જાંબુવાનની પુત્રી જાંબુવતી છું." આમ કહી તેણે થોડાં ફળ અને પાણી આપી શ્રીકૃષ્ણનું સ્વાગત કર્યું.

એવામાં જાંબુવાન આવી પહોંચ્યા. શ્રીકૃષ્ણે તેને પોતાના આવવાનું કારણ જણાવતાં કહ્યું, "મારો ભત્રીજો શિકારે ગયો હતો, ત્યાં કોઈકે મારી નાંખ્યો છે. આ તમારી દીકરીની ડોકમાં છે એ મણિ તેણે પહેર્યો હતો."

જાંબુવાન ખડખડાટ હસી પડ્યો, અને બોલ્યો, "આ મણિ તો કોઈ શિકારીને સિંહે મારી નાખેલો તેની પાસેથી મને મળ્યો છે."

શ્રીકૃષ્ણ સમજી ગયા. પ્રસેનને સિંહે મારી નાંખ્યો હશે, અને ત્યાંથી જાંબુવાનને મણિ મળ્યો છે. એટલે તેમણે કહ્યું. "તમારી વાત તો સાચી છે, પણ આ મણિને લીધે મારી ઉપર ખોટું આળ આવેલ છે. હું દ્વારકાનો રાજા રણછોડ છું."

જાંબુવાન એકદમ ઊભો થયો અને શ્રીકૃષ્ણને ભેટી પડ્યો. એણે હરખભેર કહ્યું, "તમને મળવાનું મને બહુ મન હતું. આજ તમે સામે ચાલીને મારે ઘેર પધાર્યા. હવે આ મણિ અને મારી પુત્રી બન્ને તમને ભેટ આપું છું."

કૃષ્ણ ભગવાન જાંબુવતી અને સ્યમંતક મણિ બન્નેને લઈને દ્વારકા આવ્યા. મણિ સત્રજિતને આપ્યો. તેણે શ્રીકૃષ્ણની માફી માગી.

આ રીતે જંગલના રાજાની કન્યા રણછોડરાય પરણી લાવ્યા તેથી દ્વારકાવાસીઓને ઘણા વખત સુધી કુતૂહલ થયું, અને તેનો આનંદ પણ થયો.



# ૪૨. ભોમાસુર વધ

આસામના પ્રાગજ્યોતિષપુરમાં ભોમાસુર રાજા રાજ્ય કરતો હતો. તેણે અનેક રાજાઓને હરાવી તેમનાં રાજ્ય લઈ લીધાં હતાં. સેંકડો કન્યાઓને પકડી પોતાના રાજમહેલમાં કેદ કરી હતી. કંસ અને જરાસંધની જેમ એ જુલમી રાજાના પાપનો ઘડો ભરાઈ રહ્યો.

ભોમાસુરે કેદમાં રાખેલી એ કન્યાઓએ શ્રીકૃષ્ણને સંદેશો મોકલ્યો. અને ભોમાસુરના ત્રાસમાંથી છોડાવવા વિનંતી કરી.

આસામની રાજકન્યાઓનો સંદેશો વાંચતાં જ શ્રીકૃષ્ણ તેમની વહારે જવા તૈયાર થયા. સત્યભામા કહે, "હું પણ સાથે આવું છું."

કૃષ્ણ કહે, "ભલે ચાલો. મારી માતા દેવકીના કારાવાસનું મને જેટલુ દુઃખ હતું એટલું જ આ અસહાય કન્યાઓનું છે. એમને ભોમાસુરના હાથમાંથી છોડાવ્યા પછી જ હું દ્વારકામાં પગ મૂકીશ."

આવી પ્રતિજ્ઞા કરીને કૃષ્ણ ચાલી નીકળ્યા. યાદવોની બળવાન સેના સાથે શ્રીકૃષ્ણ મજલ દર મજલ કરતા અનેક નદીઓ, પર્વતો ને જંગલો વટાવતા આસામ પહોંચ્યા. પ્રાગજ્યોતિષપુર પહાડીઓથી વીંટળાયેલું હતું. શ્રીકૃષ્ણે એ જગ્યાને ઘેરો ઘાલ્યો.


ભોમાસુર તો પોતાના મદમાં મસ્ત હતો. તેના ઉપર કોઈ રાજા ચઢાઈ કરે એવો સ્વપ્નેય તેને ખ્યાલ ન હતો. યાદવસેનાએ તેના નગર ઉપર અચાનક હલ્લો કર્યો ત્યારે તે એકદમ હથિયાર સજીને બહાર નીકળ્યો.

શ્રીકૃષ્ણ સાથે તેનું દ્વંદ્વયુદ્ધ થયું. તેમાં ભોમાસુર મરાયો.

ભોમાસુરના મહેલમાં પુરાયેલી સેંકડો કન્યાઓની શ્રીકૃષ્ણે મુક્ત કરી. સત્યભામાએ તેમને પૂછ્યું, "તમે જ્યાં જવા ઇચ્છતી હો ત્યાં તમને મોકલી આપીએ."

એટલે એ કન્યાઓએ કહ્યું કે, "અમે તો અમને આ નરકવાસમાંથી છોડાવનારની સાથે જ આવીશું."

શ્રીકૃષ્ણ એ સૌની સાથે દ્વારકા આવ્યા. પુરાણકથામાં લખ્યું છે કે ભોમાસુર પાસેથી છોડાવેલી એ કન્યાઓની સંખ્યા સોળ હજાર એકસોની હતી. તે દરેકને શ્રીકૃષ્ણે દ્વારકામાં રહેવા માટે આવાસ બંધાવી આપ્યા. ત્યાં એ આનંદથી રહેવા લાગી.



# ૪૩. ઉષા અને અનિરુદ્ધ

શોણિતપુરમાં બાણાસુર રાજા રાજ્ય કરતો હતો. શંકર ભગવાને તેને વરદાન આપેલું. તેથી એ છકી ગયો. એક વાર મહાદેવને જઈને તેણે પૂછ્યું, "તમે મને આટલું બધું બળ આપ્યું પણ તેનું પારખું કરનારો મને મળતો નથી."

આથી શંકર રોષે ભરાઈને બોલ્યા, "તારો ગર્વ ઉતારનારોય જાગશે."

બાણાસુરને ઉષા નામની રૂપાળી અને ગુણિયલ પુત્રી હતી.

એક વાર ઉષાએ સ્વપ્નમાં એક જુવાન દીઠો. એના જેવો જ રૂપાળો. એને વરવાનો ઉષાએ મનથી નિશ્ચય કર્યો.

પ્રધાનની પુત્રી ચિત્રલેખા ઉષાની બહેનપણી હતી. સવારમાં એને બોલાવી. ઉષાએ પોતાના સ્વપ્નની વાત કરી. જે જુવાન જોયેલો તેનું આબેહૂબ વર્ણન કર્યું. ચિત્રલેખામાં નામ પ્રમાણે ગુણ હતા. તેને ચિત્ર દોરતાં આવડતું. એણે વર્ણન પ્રમાણે ચિત્ર દોર્યું. એ જોઈને ઉષા બોલી ઊઠી, "બસ, આવો જ એ જુવાન હતો."

ચિત્રલેખાએ તો દેશદેશાવરના રાજકુમારોનાં ચિત્રો મગાવ્યાં. તેમાં દ્વારકાના યુવરાજ પ્રદ્યુમ્નનું ચિત્ર ઉષા એકીટશે જોઈ રહી, અને બોલી, "એ યુવાન આવો જ હતો પણ ઉંમરમાં નાનો અને મુખ સુકુમાર હતું."

એટલે ચિત્રલેખાએ પ્રદ્યુમ્નના પુત્ર અનિરુદ્ધનું ચિત્ર બતાવ્યું. એ જોતાં જ ઉષાનું મુખ સોળે કળાએ ખીલી ઊઠ્યું અને એણે એ ચિત્ર છાતીએ ચાંપ્યું.

ચિત્રલેખાએ વિશ્વાસુ જાસૂસોને બોલાવ્યા અને કહ્યું કે, "આ ચિત્રમાં છે એ યુવાનને અહીં ઉપાડી લાવો." ચિત્રલેખાના કહેવા પ્રમાણે ગુપ્તચરો દ્વારકા પહોંચ્યા. અને ઊંઘતા અનિરુદ્ધને રાતોરાત ઉપાડીને શોણિતપુર લઈ આવ્યા.

ઉષાના આનંદનો પાર ન રહ્યો. અનિરુદ્ધ પણ ઉષાને જોઈને કોઈ પૂર્વજન્મનો પ્રેમ હોય તેમ તેની સાથે આનંદથી રહેવા લાગ્યો.

આ બાજુ દ્વારકામાં અનિરુદ્ધની શોધખોળ ચાલી.

શ્રીકૃષ્ણે જાતે તપાસ શરૂ કરી. ગુપ્તચરો સમાચાર લાવ્યા કે બાણાસુરની પુત્રીએ અનિરુદ્ધનું હરણ કર્યું છે અને શોણિતપુરના મહેલમાં તેને કેદમાં રાખ્યો છે. એટલે શ્રીકૃષ્ણ સૈન્ય લઈને શોણિતપુર પહોંચ્યા.

બાણાસુર સાથે શ્રીકૃષ્ણનો ભારે સંગ્રામ થયો. તેમાં બાણાસુર હાર્યો અને શરણે આવ્યો. પોતાની દીકરી ઉષાને અનિરુદ્ધ સાથે પરણાવી. શોણિતપુરમાં લગ્નનો આનંદ છવાયો. ઉષા-અનિરુદ્ધને લઈને શ્રીકૃષ્ણ દ્વારકા આવ્યા.



# ૪૪. પાંડવોને મદદ

પાંચ પાંડવોનાં માતા કુંતા શ્રીકૃષ્ણનાં ફોઈ થતાં હતાં. કૌરવોએ ભીમને ઝેર આપ્યું ત્યારે કુંતાજીએ કૃષ્ણને સંદેશો મોકલ્યો કે, "તું હસ્તિનાપુર આવી જજે."

એ વખતે જરાસંધ મથુરા ઉપર ચડી આવ્યો હતો. તેની સાથે લડવામાં કૃષ્ણ રોકાયેલા હતા. તેથી તેમણે અક્રૂરને હસ્તિનાપુર મોકલ્યા.

અક્રૂરે કુંતાજીને ધીરજ આપતાં કહ્યું, "બહેન, તમે જરા પણ મૂંઝાસો નહીં. કૃષ્ણ ઉંમરમાં નાનો છે, પણ ઘણો સમર્થ છે. એનાં પરાક્રમો મેં મારી નજરે જોયાં છે. એ કોઈ સાધારણ માણસ નથી. પણ આપણા જાદવકુળમાં ભગવાન અવતર્યા છે એમ માનજો." અક્રૂરનાં વચનથી કુંતાજીને ખૂબ શાંતિ મળી.

પાંડવો વનમાંથી પાછા ફર્યા ત્યારે શ્રીકૃષ્ણ તેમને મળવા હસ્તિનાપુર આવ્યા. તે વખતે ધૃતરાષ્ટ્ર રાજાએ રાજ્યનો અર્ધો ભાગ કાઢી આપ્યો. તેથી કુંતાજી રાજી થયાં. શ્રીકૃષ્ણની સલાહથી પાંડવોએ જમનાને કિનારે ઇંદ્રપ્રસ્થ નગરીની રચના કરી.

રાજસૂય યજ્ઞમાં ભીષ્મ પિતામહે કહ્યું, "સૌથી પહેલી પૂજા શ્રીકૃષ્ણ ભગવાનની થવી જોઈએ." તે વખતે શિશુપાલ જેમ ફાવે તેમ ગાળો બોલવા માંડ્યો. તેથી સભા વચ્ચે શ્રીકૃષ્ણે તેનું માથું ઉડાવી દીધું. શ્રીકૃષ્ણની સહાયથી પાંડવોનો યજ્ઞ નિર્વિઘ્ને પાર પડ્યો.

દુર્યોધન સાથે યુધિષ્ઠિર જુગાર રમ્યા અને તેમાં રાજપાટ, ભાઈઓ અને દ્રૌપદી સુધ્ધાં હારી ગયા. દુઃશાસન દ્રૌપદીને સભામાં લઈ આવ્યો અને તેમનાં ચીર ખેંચવા લાગ્યો. તે વખતે કૃષ્ણ ભગવાને દ્રૌપદીનાં ચીર પૂર્યાં અને પાંડવોની લાજ રાખી.

પાંડવ કૌરવ વચ્ચે યુદ્ધ ન થાય તે માટે શ્રીકૃષ્ણે દુર્યોધનને સમજાવવા ખૂબ મહેનત કરી પણ તે ન માન્યો. ત્યારે કૃષ્ણ ભગવાન અર્જુનના સારથી બન્યા. પાંડવોના પક્ષે ન્યાય હોવાથી તેમને યુદ્ધમાં વિજય અપાવ્યો.

મહાભારતના યુદ્ધ વખતે કૃષ્ણ ભગવાને અર્જુનને ઉપદેશ આપ્યો કે, "અન્યાયી અને જુલમગારને મારવામાં મારા-તારાનો ભેદ ન કરવો જોઈએ. એ બીકણપણું છે. તું તો બહાદુર છત્રિય છે. માટે ઊભો થા." આમ, કુરુક્ષેત્રના મેદાન ઉપર કૃષ્ણ ભગવાને જે ઉપદેશ આપ્યો તે 'ગીતા' ના નામથી જગતમાં પ્રસિદ્ધ થયો અને તેને લીધે શ્રીકૃષ્ણ મહાન યોગી તરીકે ઓળખાયા.



# ૪૫. સુદામા-ચરિત્ર

દ્વારકા નગરીથી થોડે દૂર સાગરકિનારે કૃષ્ણ ભગવાનના મિત્ર સુદામા આશ્રમ બાંધીને રહેતા હતા. પોતાને ઘેર વિદ્યાર્થીઓને રાખીને ભણાવતા. તેમને અયાચક વ્રત હતું. કોઈની પાસે માગતા નહીં. જે કંઈ આવી મળે તેનાથી ચલાવતા. તેમનાં પત્ની પણ ભગવાનનાં ભક્ત હતાં.

એક વાર એ પ્રદેશમાં દુષ્કાળ પડ્યો, તેથી અન્નવસ્ત્રના સાંસા પડ્યા. એટલે ગોરાણીએ કહ્યું, "તમે તમારા જૂના મિત્ર કૃષ્ણ પાસે દ્વારકા જાઓ. તે આપણને જરૂર સહાય કરશે."

સુદામાએ કહ્યું, "કૃષ્ણ મારા મિત્ર છે એ સાચી વાત, પણ મિત્ર પાસે માગવા કરતાં મરવું ભલું."

ઘણી સમજાવટ પછી સુદામાજી કૃષ્ણ પાસે જવા તૈયાર થયા.

સમુદ્રકિનારે ચાલતાં ચાલતાં કેટલાક દિવસે સુદામા દ્વારકા પહોંચ્યા. ગોમતી નદીમાં સ્નાન કર્યું. પછી ભગવાનનું નામ જપતા રાજમહેલે આવ્યા.

મહેલને દરવાજે બેઠેલા વિવેકી દરવાને સુદામાને પૂછ્યું, "મહારાજ! આપને કોનું કામ છે?"

સુદામાએ કહ્યું, "હું શ્રીકૃષ્ણનો બાલમિત્ર સુદામો તેમને મળવા આવ્યો છું." દરવાને સંદેશો મહેલમાં પહોંચાડ્યો.


સુદામાનું નામ સાંભળતાં જ કૃષ્ણ ઊભા થયા. દોડતા આવી સુદામાને ભેટી પડ્યા. સુદામાની આંખોમાંથી પણ આંસુની ધારા વહેવા લાગી.

શ્રીકૃષ્ણે સુદામાને કેટલોક વખત પ્રેમથી રોક્યા. પછી સુદામા જવા તૈયાર થયા. શ્રીકૃષ્ણ સીમાડા સુધી વળાવવા ગયા. સુદામાએ ભારે હૈયે વિદાય લીધી.

શ્રીકૃષ્ણનો પ્રેમ યાદ કરતાં સુદામા પોતાને આશ્રમે પહોંચ્યા. ત્યાં જઈને જુએ તો આશ્રમની પર્ણકુટિઓની જગ્યાએ સુંદર મકાનો ખડાં થઈ ગયાં છે!

સુદામાનાં પત્નીએ તેમને દૂરથી દીઠા. તેઓ દોડતાં આવ્યાં, અને બોલ્યાં, "શ્રીકૃષ્ણના પ્રેમથી આ મકાનો બંધાયાં. તમારી ભક્તિ ફળી."

આગળ જતાં એ સ્થાન સ્થાન સુદામાપુરી તરીકે જાણીતું થયું. આજે એને પોરબંદર કહેવામાં આવે છે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની જન્મભૂમિ એ જ ભક્ત સુદામાની સુદામાપુરી.



# ૪૬. યાદવોનો નાશ

એક વાર કેટલાક રાજકુમારો દરિયાકિનારે રમતા હતા. તેમાં કૃષ્ણનો નાનો પુત્ર સાંબ પણ હતો. એ ભારે તોફાની અને મશ્કરો હતો. એણે સ્ત્રીનો વેશ પહેર્યો. બધા છોકરાઓ નદી કિનારે તપ કરતા એક ઋષિ પાસે ગયા. તેમને પૂછ્યું, "મહારાજ, આ બાઈને દીકરો આવશે કે દીકરી ?" મુનિ મશ્કરી સમજી ગયા. તેમણે ક્રોધમાં આવીને શાપ આપ્યો કે, "તમે બધા રાજકુમારો મદમાં છકી ગયા છો, તો જાઓ, એ સ્ત્રીને પેટ તમારા કુળનો નાશ કરનારું મુશળ જન્મશે."

ઋષિનો શાપ સાંભળતાં છોકરાઓ ડરી ગયા. તેમણે સાંબના પેટ ઉપર બાંધેલાં કપડાં છોડ્યાં. તેમાં રાખેલું મુશળ કાઢ્યું. એને દરિયામાં ફેંકી દીધું.

શ્રીકૃષ્ણને આ વાતની ખબર પડી. તેમણે બધા યાદવોને એકઠા કરીને કહ્યું, "હવે આપણા કુળનો નાશ થવાનો. આપણે પ્રભાસતીર્થમાં જઈને ત્યાં દાનપુણ્ય કરીએ."

શ્રીકૃષ્ણની સલાહ મુજબ બધા યાદવો પ્રભાસ ગયા. ત્યાં જઈ સૌ નાહ્યા-ધોયા. જમવા બેઠા. જમ્યા પછી બધાએ મદિરા પીધી. એ એક જાતનો દારૂ હતો.

થોડી વારમાં બધાને નશો ચડ્યો.. આંખો લાલ થઈ. મદિરાના ઘેનમાં એલફેલ બોલવા લાગ્યા. એમાંથી ગાળાગાળી ઉપર આવી પહોંચ્યા.

એ નદીમાં પાન્ય નામની વનસ્પતિ ઊગી હતી. તેનાં નેતર જેવાં સોટાં ખેંચીને એકબીજાને મારવા લાગ્યા. એની રજ આંખમાં ઊડી એટલે બધા આંધળા બની ગયા.

કૃષ્ણ-બળરામ એમને વારવા ગયા તો દારૂ પીને ગાંડા બનેલા યાદવો એમની પણ સામે થઈ ગયા. આખરે કૃષ્ણ-બળદેવ સિવાયના બધા યાદવો માંહોમાંહે લડીને નાશ પામ્યા.

આ રીતે યાદવોને મરણ પામેલા જોઈ બળરામને બહુ જ ખેદ થયો. તેઓ ત્યાં જ નદીને કિનારે પલાંઠી વાળીને બેસી ગયા. સમાધિ ચઢાવી. પ્રાણ રૂંધીને પોતાનો દેહ છોડી દીધો. આવા ભયંકર સંહારથી શ્રીકૃષ્ણ પણ ઘણા દુઃખી થયા. તેઓ પ્રભાસથી સમુદ્રતીરે ઉગમણા આગળ ચાલ્યા.

એક વિશાળ પીપળાના ઝાડ નીચે વિસામો લેવા બેઠા. દુનિયા ઉપરથી તેમનું મન સાવ ઊઠી ગયું. અર્ધી મીંચેલી આંખોએ તેઓ શાંત બનીને સૂતા.



# ૪૭. પ્રાચીને પીપળે પોઢ્યા

પ્રાચીને પીપળે શ્રીકૃષ્ણ આરામ લઈ રહ્યા હતા. પીપળાના થડને અઢેલીને તેઓ આડા પડ્યા હતા. પગ ઉપર પગ ટેકવી રાખ્યો હતો. આંખની આડે હાથની છાજલી કરી હતી.

એ વખતે એક પારધી ત્યાંથી પસાર થયો. એણે દૂરથી જોયું તો પીપળાના થડ પાસે હરણ ઊભું હોય તેમ એને લાગ્યું. પારધીએ તો નિશાન તાકીને તીર માર્યું.

શ્રીકૃષ્ણના જમણા પગનું તળિયું અને હાથની હથેળી વીંધીને તેમના કપાળમાં તીર પેઠું.

પારધીએ પાસે આવીને જોયું તો શ્રીકૃષ્ણને લોહી નીગળતી દશામાં પડેલા જોયા. એ તો એકદમ પગમાં પડીને રડવા લાગ્યો. એટલે શ્રીકૃષ્ણ બોલ્યા, "ભાઈ! તું રડ મા. મારે આ દેહ છોડવાનો વખત થયો હતો. તારું કલ્યાણ થાઓ."

બરાબર એ વખતે શ્રીકૃષ્ણનો સારથી દારૂક તેમને શોધતો ત્યાં આવી પહોંચ્યો. શ્રીકૃષ્ણને જોતાં જ એ રડવા લાગ્યો.

એને શાંતિ આપતાં કૃષ્ણ ભગવાન બોલ્યા, "ભાઈ, તું રડ નહીં, શાંત થા. એક દિવસ સૌને જવાનું જ છે. મારો સમય પૂરો થયો. હવે તું દ્વારકા જા. ત્યાં જઈ દાદા તથા માતપિતાને આ બધા સમાચાર આપ. એમને કહેજે કે થોડા વખતમાં દ્વારકા નગરી સમુદ્રમાં ડૂબી જશે. તેથી પુત્રપરિવાર સાથે તેઓ બધાં ઇંદ્રપ્રસ્થ ચાલ્યાં જાય.

આ શોકસંદેશ લઈને દારૂક આંસુભરી આંખે વિદાય થયો.

શ્રીકૃષ્ણે દેહ છોડ્યો.

પોતાનો આત્મા પરમાત્મા સાથે જોડી દીધો.



# ૪૮. શ્રીકૃષ્ણ ગયા પછી

દારૂક સારથિ દ્વારકા પહોંચ્યો. તેણે દાદા ઉગ્રસેન તથા વસુદેવ દેવકીને ખબર આપ્યા. સાંભળતાં જ તેઓ બેભાન બની ગયાં. રાજમહેલમાં તથા આખા નગરમાં હાહાકાર મચી ગયો.

ઉગ્રસેન, વસુદેવ, દેવકી અને યાદવ સ્ત્રીઓ પ્રભાસ આવ્યાં. ત્યાં યાદવાસ્થળી જામી હતી. એ ભીષણ દેખાવ જોઈને સૌને કંપારી છૂટી.

બળદેવ તથા શ્રીકૃષ્ણના મૃત દેહ જોઈને વસુદેવ, દેવકી અને રાણીઓ ત્યાં જ ઢળી પડ્યાં. તેમના પ્રાણ છૂટી ગયા. પટરાણીઓ કૃષ્ણની ચિતા ઉપર ચડીને સતી થઈ.

આ બધા સમાચાર ઇંદ્રપ્રસ્થ પહોંચ્યા, ત્યારે કુંતાજી અને પાંડવોના દુઃખનો પાર ન રહ્યો. તરત જ અર્જુન રથમાં બેસી દ્વારકા આવ્યો. તેણે સૌને આશ્વાસન આપ્યું. શ્રીકૃષ્ણના પરિવારની સ્ત્રીઓને લઈને અર્જુન ઇંદ્રપ્રસ્થ આવવા નીકળ્યા. ત્યાં રસ્તામાં તેને કાબા જાતિના લૂંટારા મળ્યા. તેઓ અર્જુનને હરાવી યાદવ સ્ત્રીઓને ઉપાડી ગયા.

અર્જુન ભાંગેલે હૈયે ઇંદ્રપ્રસ્થ આવ્યો. કુંતામાના ખોળામાં માથું મૂકી નાના બાળકની પેઠે એ રડવા લાગ્યો. મોટાભાઈ યુધિષ્ઠિરે તેને ધીરજ આપી, શાંત કર્યા. એ વખતે મહારથી અર્જુન રડતા અવાજે બોલ્યા, "મોટાભાઈ ! તમને શી વાત કરું ? મારું એ જ ગાંડીવ ધનુષ હાથમાં હતું; એ જ બાણ, એ જ રથ અને એ જ ઘોડા હતા. મોટા મહારથીઓને હરાવનારો હું અર્જુન પણ એ જ હતો. પરંતુ મહાભારતના યુદ્ધમાં જે સારથિ હતા તે શ્રીકૃષ્ણ મારી સાથે ન હતા. તેથી હું લૂંટાઈ ગયો. ભગવાનની સહાય વિના બધું નકામું છે એનું મને ભાન થયું."

ત્યાર બાદ યુધિષ્ઠિરે અનિરુદ્ધના પુત્ર વજ્રનાભને યાદવકુળની ગાદીએ બેસાડ્યો. શ્રીકૃષ્ણના વિયોગથી કુંતાજી અને પાંડવોને જીવતરમાં રસ રહ્યો નહીં. અભિમન્યુના પુત્ર પરીક્ષિતને ગાદી સોંપી તેઓ હિમાલય ચાલ્યાં ગયાં.

શ્રીમદ્ભાગવતની આ કથા શુકદેવજીએ પરીક્ષિતને સાત દિવસ સુધી સંભળાવી. તે સાંભળીને તેનો મૃત્યુનો ભય દૂર થયો.

સેંકડો વરસોથી ભારતવર્ષમાં ગામેગામ ભાગવતપરાયણ થાય છે. અને તેમાંથી લાખો ભાવિક જનો જીવનનું ભાથું મેળવે છે.